**સુવિચાર**
જો તમે છ વર્ષનાં બાળકને ના સમજાવી શકો તો એનો મતલબ એ છે કે તમે પોતાને જ નથી સમજી શકયા !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૭/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
એકાદશી નિમિતે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૧૭૫

## ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત રંગ લાવી

# ભૈ વાહ : કુંકાવાવ પંથકમાં ૩૨૫ લાખનાં વિકાસકાર્યોનું લોકાર્પણ

**રૂપિયા ૨૫૮ લાખનાં ખર્ચે અદ્યતન તાલુકા પંચાયત કચેરીનું મકાન બનાવાયું**

**રૂપિયા ૪૩ લાખનાં ખર્ચે પશુ દવાખાનુ અને ૨૪ લાખનાં ખર્ચે આરોગ્ય કેન્દ્ર બન્યુ**

**માર્કેટયાર્ડ, કોલેજ, શાળાનું મકાન, માર્ગો સહિત વિકાસકાર્યોની ભરમાર**

**સમગ્ર પંથકનાં નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ સરળતાથી મળશે**











અમરેલી, તા. ૪
અમરેલી વિધાનસભાના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિક વેકરીયા દ્વારા કુંકાવાવ તાલુકાના લોકોની સુખાકારીમાં વધારો કરવા તેમજ તેમને મળતી સરકારી સુવિધાઓ વધુ સરળતાથી મળી રહે તે માટે ૨૫૮ લાખના ખર્ચે અધ્યતન તાલુકા પંચાયત કચેરી, ૪૩ લાખના ખર્ચે પશુ દવાખાનું તેમજ ૨૪ લાખના ખર્ચે આરોગ્ય સબસેન્ટર સહિત કુલ ૩૨૫ લાખથી વધુ રકમના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યુ હતું. અમરેલી વિધાનસભા વિસ્તારમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મા ગામડાનો અને સુવિધા શહેરી વિચારબીજને રાજય સરકારના માધ્યમથી છેવાડાના વિસ્તાર સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારના રહેવાસીઓને પાયાની સુવિધાઓ ઘરઆંગણે મળી રહે તેના માટે સતત પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. ૧૧ માસના ટૂંકા ગાળામાં સમયસર તથા ગુણવત્તાયુકત કામગીરી લઈ કુંકાવાવ

અનુસંધાન પાના ૬ ઉપર

## વિકાસની હરણફાળ ભરતા ભારતનાં યુવાઓની શકિતને પારખતુ વિશ્વ

# આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન (ICA) યુવા સમિતિનાં અધ્યક્ષ તરીકે હર્ષ મુકેશભાઇ સંઘાણી

## તાજેતરમાં યુ.કે.ના. માન્ચેસ્ટર ખાતે જવાબદારી સોંપવામાં આવી

અમરેલી, તા. ૪
માન્ચેસ્ટર યુ.કે. ખાતે આયોજીત આઈસીએની વાર્ષિક બેઠકમાં યુવા સમિતિના અધ્યક્ષ તરીકે હર્ષ મુકેશભાઈ સંઘાણીને ચુંટવામાં આવ્યા તેઓ આઈસીએના ૧૩૦ વર્ષના ઈતિહાસમાં વૈશ્વિક પદે નિમાયેલ પ્રથમ ભારતીય બન્યા, હવે આઈસીએ બોર્ડના સભ્ય તરીકે પણ સેવા આપશે આ ઘટના માત્ર હર્ષ માટે નહિ પણ સમગ્ર ભારતીય સહકારી ક્ષેત્ર માટે એક ગૌરવભર્યો ક્ષણ છે.



યુવાનો જે ક્ષેત્રમા હોય તે ક્ષેત્રની કઈક વિશિષ્ટ કામગીરી અને અનુભવ લોકોને જોવા-જાણવા મળતો હોય છે. યુવાનો પણ આ બાબતે સજાગ બનીને જે તે ક્ષેત્રના વિકાસ માટે પ્રવૃત રહેતા હોય છે જેમાથી તેમની શકિત નીખરતી હોય છે તેનો અહેસાસ સમય આવ્યે સમાજ, રાજય, દેશ-વિદેશને લાભકારક નિવડતો હોય છે.

૧૮૯૫માં લંડનમાં સ્થાપિત તેમનુ મુખ્ય મથક બ્રુસેલ્સ (બેલ્જિયમ) ખાતે મુખ્યાલય ધરાવે છે વિશ્વના ૧૦૫ દેશોમાથી ૩૦૬ સમુહો અને ૧ અબજથી વધારે સભ્યો ધરાવે છે. તેમના મુખ્ય હેતુ હંમેશા વૈશ્વિક સ્તરે સહકારના મુખ્ય પ્રતિક તરીકે રહેવુ, વિશ્વભરના સહકારી સંગઠનો એક સાથે જોડવા તેમજ સહકારી પ્રવૃતિ દ્વારા આઈસીએ સાથે સહકાર આપીને કુશળતા, જ્ઞાન અને સંકલિત કામગીરી માટે ફોરમ પુરૂ પાડે છે.

આઈસીએ યુવા સમિતિના મુખ્ય કાર્યોમાં સહકારી સંગઠનોને પ્રોત્સાહન અને વિકાસ, સહકારના મૂળ ભૂત સિંધ્ધાતોનું રક્ષણ વિશ્વભરમાં સહકારી સહયોગ વધારવો, નિતિ અને પધ્ધિતઓનો પ્રચાર-પ્રસાર,

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હાર્દિક અભિનંદન



શ્રી હર્ષ મુકેશભાઇ સંઘાણી
યુવા સમિતિ અધ્યક્ષ (ICA)
આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન
અમર ડેરીના વાઇસ ચેરમેન શ્રી મુકેશભાઈ સંઘાણી ના સુપુત્ર શ્રી હર્ષ સંઘાણી એ અનોખો કીર્તિમાન સ્થાપ્યો છે. ઇન્ટરનેશનલ કો-ઓપરેટિવ કોઅલીશન (ICA) ની યુથ સમિતિ અને ICA યુથ રિપ્રેસેંટેટિવની માંચેસ્ટર (બ્રિટન) ખાતેની વાર્ષિક સભામાં અધ્યક્ષ તરીકે ચુંટાઇ આવતા ICA નાં ૧૩૦ વર્ષનાં ઈતિહાસમાં કોઇ ભારતીય અધ્યક્ષ તરીકે ચુંટાયેલ હોય તેવી પ્રથમ ઘટનામાં શ્રી હર્ષ સંઘાણીને હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ..
: શુભેચ્છક :
શ્રી ડો. આર.એસ. પટેલ — મેનેજીંગ ડિરેક્ટર
શ્રી મુકેશ સંઘાણી — વાઇસ ચેરમેન
શ્રી અશ્વિન સાવલીયા — ચેરમેન
અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
'અમર ડેરી'
તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
Amul The Taste of India

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર... મેગાસીટીમાં થતા કુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist — Medi Assist Insurance TPA Pvt. Ltd.
SBI general INSURANCE
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz

નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
kubavatchiragv@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, શોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસકેપ્સન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

## વિધાનસભાનાં કોંગ્રેસ પક્ષનાં નેતા અમિત ચાવડાએ રાજયપાલને આવેદનપત્ર પાઠવ્યું

# રાજયવ્યાપી 'મનરેગા' અને 'નલ સે જલ' યોજનાનાં ભ્રષ્ટાચારની તપાસ કરો

**રાજય સરકારનાં કૌભાંડી મંત્રી બચુભાઈ ખાબડને હોદ્દા પરથી દૂર કરવા માંગ કરી**

**ભાજપ સરકાર કૌભાંડીઓ સામે કાર્યવાહી કરવાને બદલે બચાવી રહી હોવાનો આક્ષેપ**

**સામાન્ય જનતાને દરેક સરકારી યોજનાઓ કે કામગીરી માટે દરેક કક્ષાએ લાંચ આપવી પડે છે**

**વ્યાપક પ્રમાણમાં ફરિયાદ છતાં પણ સરકાર તરફથી કોઈ પ્રકારની કાર્યવાહી થતી નથી**

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં વ્યાપક બનીને હવે ખુલ્લા પડી ગયેલા ભ્રષ્ટાચાર પર પગલાં લેવામાં આવે તેવી માંગણી સાથે ગુજરાતના આચાર્ય દેવવ્રતજીને આવેદનપત્ર પાઠવતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમીત ચાવડાએ જણાવ્યું છે કે, રાજયસરકારના મંત્રીઓ તથા અધિકારીઓની મીલીભગતથી સમગ્ર રાજયમાં ચારેતરફ ભ્રષ્ટાચાર વ્યાપક અને વિકરાળ સ્વરૂપ લઈ રહ્યો છે. રાજયમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું



છે. સામાન્ય જનતાને દરેક સરકારી યોજનાઓ કે કામગીરી માટે દરેક કક્ષાએ લાંચ આપી પડે છે તેવી ફરિયાદો રોજબરોજ વધતી જાય છે.

કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વ વાળી યુ.પી.એ. સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫ મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો (મનરેગા) સામાન્ય માણસોને ઘરઆંગણે વર્ષના ૧૦૦ દિવસ રોજગારી સુનિશ્ચિત કરતો વિનો ઐતિહાસિક કાયદો બનાવવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતમાં મનરેગા કાયદો સામાન્ય માણસોને રોજગારી આપવા નહીં પણ સરકારી તંત્રની મિલીભગતથી પદાધિકારીઓ અને અધિકારીઓની તિજોરી ભરવાનો કાયદો હોય તેવી સ્થિતિ છે. કોંગ્રેસપક્ષ તરફથી અમારી વારંવારની લેખિત રજુઆતો, વિધાનસભાની પ્રશ્નોત્તરી–ચર્ચાઓ અને ધરણા–આવેદનપત્રો આપવા પછી સરકાર દ્વારા થોડા ગામોમાં ભ્રષ્ટાચારની તપાસ કરાવવામાં આવી. તો ભ્રષ્ટાચાર કેટલી હદ સુધી વકરી ગયો છે તે આખી દુનિયાએ જોયું.

દાહોદ જિલ્લામાં દેવગઢ બારીયા, ધાનપુર તાલુકાની તપાસમાં ૧૦૦ કરોડ કરતા વધુનો ભ્રષ્ટાચાર થયાનું સામે આવેલ છે. રાજયસરકારના મંત્રી બચુભાઈ ખાબડના પરિવારની સીધી સંડોવણી બહાર આવેલ છે. ભ્રષ્ટાચાર બહાર આવે આજે ઘણા દિવસો થયેલ હોવા છતાં અને પોતાના પુત્રોને અને નજીકના લોકોની સીધી સંડોવણી સાબિત થઈ ગયેલ હોવા છતાં રાજય સરકાર દ્વારા મંત્રી બચુભાઈ ખાબડને મંત્રીમંડળમાંથી દૂર કરવામાં આવતા નથી. જેના કારણે પોતાના પદ અને સત્તાનો દુરૂપયોગ કરી સમગ્ર ભ્રષ્ટાચારની તપાસને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને મળતીયાઓને બચાવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં ફતેપુરા, સંજેલી, ઝાલોદ, સિંગવડ સહિતના બાકીના તાલુકાઓમાં પણ મનરેગામાં કરોડોનો ભ્રષ્ટાચાર થયેલ છે. સ્થળ ઉપર કામ કર્યા સિવાય બારોબાર બિલ ચૂકવાઈ ગયા છે. ભૂતિયા જોબકાર્ડના આધારે બિલો ચુકવાયેલ છે. નેતાઓ અને અધિકારીઓની મિલીભગતથી ખૂબ જ મોટો ભ્રષ્ટાચાર થયો છે પરંતુ ફરિયાદો અને પુરાવાઓ આપવા છતાં આજ દિન સુધી તપાસ થતી નથી. કૌભાંડીઓને બચાવવામાં આવી રહ્યા છે.

એ જ રીતે પંચમહાલ જિલ્લામાં જાંબુઘોડા તાલુકામાં પણ ૨૬ ગામો અને ફકત ૪૨૦૦૦ની વસ્તીમાં જ ચાર વર્ષમાં ૩૦૦ કરોડના મનરેગામાં કામો બતાવી ૮૦% મટીરીયલ અને ૨૦% લેબર ખર્ચ બતાવી જિલ્લા ભાજપના પ્રમુખ મયંક દેસાઈ અને તેમના પરિવારના લોકોને એજન્સીઓ દ્વારા ૧૦૦ કરોડનો ભ્રષ્ટાચાર આચર્યાની પુરાવા સહિતની ફરિયાદો–રજૂઆતો કરવા છતાં કોઈ જ તપાસ થતી નથી. સરકાર પોતાના મળતીયાઓને બચાવી રહી છે.

આમ એકલા દાહોદ, પંચમહાલ, નર્મદા, ભરૂચ જિલ્લા નહીં પણ સમગ્ર ગુજરાતમાં મનરેગા યોજનામાં વ્યવસ્થિત નેટવર્ક બનાવીને ગાંધીનગર બેઠેલા મંત્રીમંડળના સભ્યો અને ઉચ્ચ અધિકારીઓની મીલીભગત–આશીર્વાદથી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર–કૌભાંડ ચાલી રહ્યું છે. સરકારમાં ભ્રષ્ટાચાર રોકવાની ઈચ્છાશકિત દેખાતી નથી. જેથી આપના હસ્તક્ષેપની તાતી જરૂર છે અને સમગ્ર રાજયમાં મનરેગાના ભ્રષ્ટાચારની તપાસ માટે ન્યાયિક અને સંવિધાનિક પદ ઉપર બેઠેલ તટસ્થ લોકોની સીટ બનાવવામાં આવે.

મનરેગાના કૌભાંડની જેમ જ સમગ્ર રાજયમાં "નલ સે જલ" યોજનામાં પણ કરોડો રૂપિયાનું કૌભાંડ છે.

ગુજરાતની જનતાને ઘરે ઘરે "નલસે જલ" મળશેની મોટી મોટી જાહેરાતો પછી પણ પ્રજાના ટેકસના પૈસામાંથી કરોડો રૂપિયાનું બજેટ પાણી પુરવઠા વિભાગને ફળવાયુ પરંતુ લોકોને આજે પણ ઘરે ઘરે "નલ સે જલ" તો ન મળ્યું પરંતુ સરકારના મળતીયા અને અધિકારીઓએ કૌભાંડ આચરીને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી પોતાની તિજોરીઓ ભરી લીધી છે. સમગ્ર ગુજરાતમાં અનેક જિલ્લાઓમાંથી પુરાવા સહિતની ફરિયાદો, પુરાવા મળવા છતાં હજુ પણ "નલ સે જલ" યોજનાના ભ્રષ્ટાચારની યોગ્ય તપાસ અને કડક કાર્યવાહી થતી નથી. સરકારમાં બેઠેલા નેતાઓ અને ઉચ્ચ અધિકારીઓને બચાવવા માટે સરકાર દ્વારા પણ ફકત બતાવવા પૂરતી નાના માણસો પર ફરિયાદો–કાર્યવાહી કરવામાં આવે છે. "નલસેજલ" કૌભાંડની પણ રાજયસ્તરે ન્યાયિક સંવિધાન પદ ઉપર બેઠેલા સભ્યોની સીટ બનાવી તાત્કાલિક તપાસ કરાવવી ખૂબ જ જરૂરી છે.

મહામહિમ, પ્રજાના ટેકસના પૈસાથી ગરીબ સામાન્ય લોકોને રોજગાર સુવિધા આપવા માટેની યોજનાઓ માટે કરોડો રૂપિયા બજેટ ફાળવાય પરંતુ તેના સાચા લાભાર્થીઓ સુધી લાભ પહોંચવાને બદલે નેતાઓ–અધિકારીઓની મિલીભગતથી ખૂલેઆમ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય તો પણ સરકાર દ્વારા તેને સંપૂર્ણ નાથવાને બદલે કડક કાર્યવાહી કરવાને બદલે દેખાવ પૂરતી કાર્યવાહી કરવામાં આવે તે ખૂબ જ ચિંતાજનક છે આવી પરિસ્થિતિમાં રાજયના લોકોના હિતમાં ભ્રષ્ટાચારને રોકવા આપના તાત્કાલિક હસ્તક્ષેપની સાચી જરૂરિયાત હોય અમો માગણી કરીએ છીએ કે,

સમગ્ર રાજયમાં મનરેગા અને 'નલ સે જલ' યોજનામાં વ્યાપક કરોડોના કૌભાંડની ન્યાયિક અને સૈવિધાનીક પદ ઉપર બેઠેલા લોકોની સીટ બનાવી તટસ્થ તપાસ કરાવી કૌભાંડીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

દાહોદ જીલ્લામાં દેવગઢ બારીયા, ધાનપુર સહિત ફતેપુરા, સીંગવડ, ઝાલોદ સહિતના તાલુકામાં થયેલ વ્યાપક કૌભાંડની તપાસમાં અવરોધ ઉભા કરતા અને પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી તપાસને પ્રભાવિત કરતા કૌભાંડમાં સંડોવાયેલા મંત્રી બચુભાઈ ખાબડને તાત્કાલિક પદ ઉપરથી દુર કરવામાં આવે.

પંચમહાલ જિલ્લામાં જાંબુઘોડા તાલુકામાં ૧૦૦ કરોડ કરતા વધુના ભ્રષ્ટાચારની પુરાવા સહિતની ફરિયાદો ઉપર કાર્યવાહી થતી નથી. તેના માટે કડક સુચના આપવામાં આવે.

મનરેગા, 'નલ સે જલ' યોજનાના ભ્રષ્ટાચાર કૌભાંડની પોલીસ ફરિયાદોમાં નાના કર્મચારીઓ ઉપર કાર્યવાહી થાય છે પરંતુ જીલ્લા, રાજયકક્ષાના અધિકારીઓની પણ જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવામાં આવે.

મનરેગા અને નલ સે જલ યોજનામાં છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ વિકાસ કામોની સીટ મારફતે તપાસ કરાવવામાં આવે.

રાજય સરકારની ભ્રષ્ટાચાર નાબુદી માટે ઈચ્છાશકિત ઓછી દેખાતી હોય સમગ્ર રાજયમાં વ્યાપક ભ્રષ્ટાચાર ગેરવહીવટને નાબુદ કરવા માટે આપના હસ્તક્ષેપની તાત્કાલિક જરૂરિયાત હોઈ ભ્રષ્ટાચાર નાબુદી માટે પ્રજાના ટેક્ષના પૈસાની ઉઘાડી લુંટને રોકવા માટે ત્વરિત યોગ્ય કાર્યવાહી અર્થે આદેશ કરવા વિનંતી છે.

---

### છેલ્લા ૯ થી ૧૦ દિવસ દરરોજ વરસાદી ઝાપટા

## ખાંભામાં સવારથી સાંજ સુધીમાં ધીમીધારે વરસાદથી ખેતરોમાં પાણી ભરાઈ ગયા

**ગીર પંથકના ખેડુતો વરાપની રાહ જોઈ રહ્યા છે**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૪

ખાંભા ગીરમાં સવારથી સાંજ સુધીમાં ધીમીધારે એક ઈંચ જેટલો વરસાદ આ ખાબકીયો હતો. ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ પડી ગયો છે. ખેતરો પાણી તરબોતર થયા છે. ત્યારે ખેડૂતો વાવણી બાદ મોલાત સારી રીતે ઉગાવો લીધો સોળે કળાએ ખીલી ઉઠી છે. ત્યારે હાલ ખેડૂતોને વરાપની જરૂરિયાત હોય અને ખેતી કામમાં નિંદામણ કરવાની પણ જરૂરિયાત હોય પરંતુ વરાપ નહીં નીકળતા ખેડૂતો મુંજાઈ પણ રહ્યા છે. જો હવે થોડા દિવસ વરાપ નીકળે અને સૂર્યદેવ દર્શન આપે તો પાકને બમણો ફાયદો થાય અને વાડી ખેતરો અન્ય ખેતી કામ કરી શકાય હાલ સતત વરસાદના કારણે ખેડૂતો વાડી છે. ખેતરમાં પાણી હોવાથી ખેતરે કામ ન કરી શકતા હોવાથી જગતનો તાત વરાપની રાહ જોઈ રહ્યો છે.

---

### વણનોતર્યા મહેમાન અને યજમાન વચ્ચે માથાકુટ

## લ્યો બોલો : જાફરાબાદમાં લગ્નમાં વગર આમંત્રણે ૧૫ વ્યકિતઓ પહોંચ્યા

**બંને પક્ષો વચ્ચે મારામારી થતાં ફરિયાદ**

અમરેલી, તા. ૪

જાફરાબાદ ગામે લગ્નમાં ૧૫ શખ્સો વગર આમંત્રણે લગ્નમાં મહેમાન ગતી કરવા આવેલ હોય, જેથી આ બાબતે સામસામે બોલાચાલી અને ઝઘડો થયેલ તેની અદાવત રાખી બંને પક્ષોએ સામસામી મારામારી કર્યાની બંને પક્ષોએ સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જાફરાબાદ ગામે પોલીસ સ્ટેશન સામે રહેતા પાયલબેન યોગેશભાઈ બારૈયાના ભાઈ જુગલભાઈ ભાલીયા નામની મહિલાના લગ્ન સમયે જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં રહેતા આરોપી અવિનાશભાઈ દિનેશભાઈ બાંભણીયા સહિત ૧૫ શખ્સો વગર આમંત્રણે લગ્નમાં મહેમાનગતી કરવા આવેલ હોય, જેથી આ મહિલાના પતી યોગેશભાઈ લક્ષ્મણભાઈ બારૈયા સાથે બોલાચાલી અને ઝઘડો થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ ગત તા. ૩ ના રાત્રીના ૧૨/૩૦ વાગ્યે એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચી મહિલાના પતિ યોગેશભાઈ બારૈયાને લાકડાના ધોક્કા, ખુરશી તથા લોખંડની સીડીથી માથાના વચ્ચેના ભાગે તથા હાથના ભાગે ઈજા પહોચાડી હતી. આ મહિલાને વાળ પકડી નીચે પછાડી ઈજા કરેલ તેમજ તેણીના સસરાને આરોપીએ બે ફડાકા મારી ઈજા કરેલ તેમજ તેણીના દિયરને તેમજ તેની પત્નિ રૂપાલીબેનને પણ આરોપીએ માર મારી હુલ્લડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં સામે પક્ષે રેણુબેન ભાવેશભાઈ સોલંકી ઉર્ફે ટબુડી વાળાએ પણ સામા પક્ષના યોગેશભાઈ લખમણભાઈ સહિત ૭ સામે ફરિયાદ નોંધાવતા જણાવેલ છે કે, તેમના દિયર રૂત્વિકભાઈના મિત્રો દિવ્યેશભાઈ તથા અવિનાશભાઈ વિગેરે સાથે યોગેશભાઈ તથા મનસુખભાઈ વિગેરે સાથે બે દિવસ પહેલા કોઈ કારણસર ઝગડો થયેલ હતો. જેનુ મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી તેણીના ઘર પાસે આવી તેણીને ધકકો મારી પછાડી દઈ તથા રૂત્વિકભાઈને તથા તેણીના પતિ તથા દિયરના મિત્રો દિવ્યેશ અને અવિનાશભાઈને આરોપીઓએ ગાળો આપી ઢીકાપાટું વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મુંઢ ઈજાઓ કર્યાની સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### થોડા દિવસોની બીમારી બાદ

## અમરેલીનાં સાસંદ સુતરીયાનાં પિતાનુ ૮૦ વર્ષની જૈફ વયે અવસાન

**સદ્‌ગતની અંતિમયાત્રામાં આગેવાનો જોડાયા**



અમરેલી, તા. ૪

અમરેલીના સાંસદ અને જિલ્લા પંચાયતના અધ્યક્ષ ભરતભાઈ સુતરીયાના પિતાજી મનુભાઈ કાનજીભાઈ સુતરીયાનું આજે ૮૦ વર્ષની જૈફ વયે અવસાન થતાં તેમની આજે સાંજે લાઠી તાલુકાના ઝરખીયા ગામે યોજાયેલ અંતિમ યાત્રામાં અમરેલીના ધારાસભ્ય અને નાયબદંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલ કાનાણી, મહામંત્રી મેહુલ ધરજીયા, જિલ્લા પંચાયતના સદસ્ય જીતુભાઈ ડેર, ભાજપ કાર્યાલય મંત્રી મહેન્દ્ર ચાવડા સહિત અનેક રાજકીય, સામાજિક આગેવાનો જોડાયા હતાં. અને ભરતભાઈ સુતરીયા તથા તેમના પરિવારને સાંત્વના પાઠવી હતી.

---

### શહેરીજનોની માંગ પૂર્ણ થઈ

## અંતે દામનગરનાં વૈજનાથ મંદિર પાસે નાળા બનાવાયા

**ટુંક સમયમાં સમસ્યાનો અંત**



દામનગર, તા. ૪

દામનગર પંથકમાં મંજુર થયેલા કામો પૈકીના ગારિયાધાર રોડ પરનું અને વૈજનાથ મંદિર પાસેના નવા નાળાઓ તૈયાર થઈ ગયાં છે અને હવે બંને બાજુના માર્ગનું કામ ઝડપથી કરવામાં આવી રહ્યું હોય તે ટુંક સમયમાં પૂર્ણ થયે. વાહન વ્યવહાર અને રાહદારીઓ માટે શરૂ થશે ત્યારે રાહત થશે અને પહેલાની જેમ જ આ માર્ગધમ–ધમતો થશે.

---

## અમરેલીમાં સેવાભાવી ટ્રસ્ટ દ્વારા ૨ કલાકનુ વિનામૂલ્યે શિક્ષણ



અમરેલી, તા. ૪

અમરેલી શ્રીજી એજયુકેશન સેવા ટ્રસ્ટ દ્વારા લાઠી રોડ પર શ્રમ વિસ્તારના બીજા રાજયથી આવેલ મજુરોના બાળકો માટે ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સેન્ટર સારૂ કરવામાં આવ્યુ જેમાં બાળકોને વિનામૂલ્યે દરરોજ ૨ કલાક અક્ષર જ્ઞાન આપવામાં આવે છે તેમજ રમતગમતનું મટીરીયલ આપવામાં આવ્યું આ કાર્યમાં સાગરભાઈ પંડયા, હીનાબેન પંડયા ત્રિવેદી તેમજ ધ્વનિબેન અધ્યારૂ હાજર રહ્યા હતા.

---

### પરિણીતા સાથે દુષ્કર્મનાં કેસમાં

## ડુંગર પોલીસ સ્ટેશનમાં અગાઉ ફરજ બજાવનાર પોલીસકર્મી વિરૂધ્ધ ફરિયાદ

**સુરત સુધી પહોંચીને દુષ્કર્મ કરતા ચકચાર**

અમરેલી, તા. ૪

ડુંગર પોલીસ સ્ટેશનમાં અગાઉ ફરજ બજાવતા એક પોલીસ કર્મીએ રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક પરિણીતાના ઘરે પોલીસ તપાસના કામે ગયેલ ત્યારે તેમને આ પરણિતા સાથે સંપર્ક થયેલ હતો. અને તેઓ એકબીજાના મોબાઈલ નંબર લઈ ફોન પર વાતચીત પણ કરતા હતા. ત્યારે આરોપીએ પાંચ વર્ષ પહેલા કોરોના સમય દરમ્યાન પરિણીતાના ઘરે જઈ પરિણીતાને લગ્નની લાલચ આપી પરીણીતા સાથે શરીર સબંધ બાંધેલ, આ બનાવમાં પોલીસમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામેલ છે.

વિક્રમ ડાભી નામના આરોપી આજથી પાંચેક વર્ષ પહેલા ડુંગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક પરિણીતાના ઘરે પોલીસ તપાસના કામે ગયેલ ત્યારે તેમને આ પરણિતા સાથે સંપર્ક થયેલ હતો. અને તેઓ એકબીજાના મોબાઈલ નંબર લઈ ફોન પર વાતચીત પણ કરતા હતા. ત્યારે આરોપીએ પાંચ વર્ષ પહેલા કોરોના સમય દરમ્યાન પરિણીતાના ઘરે જઈ પરિણીતાને લગ્નની લાલચ આપી આરોપીએ તેણી સાથે શરીર સબંધ બાંધેલ હતો. બાદમાં આ પરિણીતા સુરત મુકામે તેણીના પતિ સાથે રહેતી હોય, તે દરમ્યાન આરોપીએ સુરત જઈ આ પરિણીતા સાથેને શરીર સબંધ બાંધેલ હતો. આ અંગે પરિણીતાએ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરેલ છે.

---

### એએચપીએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

## અમરેલીમાં ગાય પર એસિડ નાખનાર ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

**૧૫ થી ૨૦ ગાય ઉપર એસિડ એટેક થયેલ**

અમરેલી, તા. ૪

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં થોડા દિવસ પહેલાં કોઈ નરાધમ શખ્સ દ્વારા ગાય પર એસિડ નાખવાની ઘટનામાં ભારે રોષ સાથે ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યારે આ કૃત્ય કરનારાને ઝડપી લઈ તાત્કાલિક સજા થાય તે માટે થઈ અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા શહેરભરના ગૌ રક્ષક દ્વારા અમરેલી કલેકટરને એક આવેદનપત્ર પાઠવી આ બનાવના આરોપીને ઝડપી લઈ કડકમાં કડક સજા થાય તેવી માંગણી કરેલ છે.



અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં થોડા દિવસ પહેલાં કોઈ અજાણ્યા શખ્સ દ્વારા ૧૫ થી ૨૦ જેટલી અલગ અલગ ગાય પર એસિડ નાખી જીવદયા વિરૂધ્ધનું કાર્ય કરી માનવતાને શરમાવતું કૃત્ય કરેલ હતું. જે અંગે બનાવ બાદ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા શહેરભરના ગૌ રક્ષકમાં ભારે રોષ ભભુકી ઉઠયો હતો.

આ કૃત્ય કરનારા આરોપીને ઝડપી પાડવા માટે થઈને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા શહેરભરના ગૌરક્ષક દ્વારા અમરેલીના કલેકટરને આવેદનપત્ર પાઠવી માંગણી કરેલ છે.

---

### જેશીંગપરા, ભોજલપરા સહિતનાં વિસ્તારોમાં

## અમરેલીમાં અજાણ્યા લેભાગુ શખ્સોએ સરકારી યોજનાનાં ફોર્મ ભરવાનું શરૂ કરાવ્યું

**નગરસેવકોએ મહાકાય છેતરપીંડી અટકાવી**

અમરેલી, તા. ૪

અમરેલી શહેરમાં આજે કોઈ લેભાગુ શખ્સોએ સરકારની વિવિધ યોજનાઓનાં ફોર્મ ભરાવવાનું શરૂ કરાતાં અનેક પરિવારોએ આ યોજનાને લઈને ફોર્મ ભરવાનું શરૂ કર્યુ હતું.

આ અંગેની જાણ નાયબ દંડક કૌશિક વેકરિયાને થતાં તેઓએ સ્થાનિક નગરસેવકોને દોડાવીને આ પ્રવૃત્તિ ખોટી રીતે ચાલતી હોય બંધ કરાવવા સુચના આપતાં



નગરસેવકોએ મહાકાય છેતરપીંડી થતી અટકાવીને ઉમદા કાર્ય કાર્યુ છે.

કાઠી ક્ષત્રિય સમાજનાં અગ્રણીએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

# બાબરા : યુટયુબ ચેનલ ''સ્વમાન''ના પત્રકાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

## લાખો સેવકોની લાગણી દુભાઈ હોવાનુ જણાવાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરાનાં કાઠી ક્ષત્રિય સમાજનાં અગ્રણી ગજેન્દ્રભાઈ શેખવાએ મામલતદારને આવેદન પત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે યુટયુબ ચેનલ ''સ્વમાન''નો પત્રકાર તુષારભાઈ બસીયાએ સોનગઢ ગામે આવેલ ગેબીનાથ મંદિરના ગેબી પરંપરાનાં વાહક જાદરાબાપુ પરિવારના વારસદારોને ઉદેશીને કહેવામાં આવે છે. આવા પાયા વિહોણા આક્ષેપો કરવામાં આવેલ હતા તથા નામ જોગ ભગત પરિવારના મોભીઓના નામ દર્શાવીને તમને પણ ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે નામો બોલવામાં આવેલ હતા. આદર્શ જીવન જીવતા અને ભૂતકાળમાં પણ આ પરિવારો ઉપર કોઈ આક્ષેપો નથી કે વિડીયોમાં જે રીતે દર્શાવવામાં આવે છે એવા કોઈ ગુન્હા કરે નથી છતાં પણ કોઈ પણ જાતના પુરાવા વિના ભગતડા જેવા શબ્દો બોલી કે સાથે ગેબીનાથ જગ્યાનું નામ જોડી એલફેલ શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે જે બાબત સમગ્ર ગેબીનાથ સેવક પરિવારોની લાગણી દુભાય છે.

કોઈ પણ ન્યુઝ ચેનલો દ્વારા ધર્મ કે જાતિને પુરાવા બદનામ ના કરવા જોઈએ કે સનાતન ધર્મની ધરોહરો સાથે જયારે અન્યાય થાય ત્યારે તેવા લોકો વિરૂધ્ધ કાર્યવાહી થવી જોઈએ. અગાઉ આ ચેનલ દ્વારા ઘણા સંતો મહંતો બાબત કે સનાતન ધર્મ બાબત એલફેલ શબ્દોના પ્રયોજન કરેલ છે જેની તપાસ કરવામાં આવે અને કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે અન્યથા અમોનું માનવું છે આ દેહણ જગ્યા ગુરૂદ્વારો સમાજ જગ્યાથી લઈને આનો રોષ સમગ્ર સૌરાષ્ટ્રમાં ફેલાતા વાર નહીં લાગે.

આવનાર સમયમાં કોઈ પણ યુટયુબ ચેનલના લોકો વધુ ફોલોવર્સ ધરાવતા લોકો પણ કોઈ પણ વિશે જાતિ કે ધર્મને ઉતારી પાડવાના કાવતરા કરશે, અને આ પત્રકાર અને તેની ચેનલ સ્વમાન માન્ય છે કે કેમ તેઓએ જર્નાલિઝનો કોર્ષ કરેલ છે કે તેની પણ યોગ્ય તપાસ થવી જોઈએ અને આ સ્વામાન ચેનલને સરકાર દ્વારા સંપૂર્ણ બેન કરવી જોઈએ. અને તેના ઓડિટરો કે ચેનલ ચલાવનારાઓ વિરૂધ્ધ કાર્યવાહી થવી જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

સમગ્ર જિલ્લામાં ચકચાર ઉભી કરનાર ઘટનાનું રહસ્ય ખુલી ગયું

# અમરેલીની સિવિલ હોસ્પિટલનાં પટાંગણમાં પુરપાટ ઝડપે કાર ચલાવી ૩ વ્યકિતઓની હત્યાનો પ્રયાસ કરનાર આરોપી ઝડપાયો

## સીસીટીવી અને કાર નંબરનાં આધારે ગરમલી ખાતેથી આરોપીની અટકાયત

અમરેલી, તા. ૪

અમરેલી ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં થોડા દિવસ પહેલાં ત્રણ લોકોને કચડીને મારી નાંખવામાં ઈરાદે બેફામ કાર ચલાવી કાર માથે ચડાવી દેવાની કોશિષ કરવામાં આવેલ હતી. આ બનાવમાં અજાણ્યા ઈસમ સામે પોલીસમાં ફરિયાદ નોંધતા પોલીસે સીસીટીવીના ફુટેજ તથા કારના નંબર મેળવી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બનાવમાં પોલીસે એક ઈસમની અટકાયત કરેલ છે.

આ બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ હાથસણી રોડ ખોડીયાર નગર પાણીના ટાંકાની સામે આસોપાલવ સોસાયટીની સામે રહેતા અજયભાઈ ખોડીદાસભાઈ ચૌહાણ નામના વકીલના કાકા રવીભાઈને અગાઉ સાવરકુંડલા ખાતે થયેલ મારામારીના બનાવના અનુસંધાને રવિભાઈ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં હતા. ત્યારે ગત તા. ૩૦ના રોજ રાત્રીના સમયે આ વકીલ તથા તેમના મિત્ર હિતેષકુમાર પ્રતાપરાય ગેલાતર તથા રવીભાઈ સહિત ત્રણેય સાથે સિવિલ હોસ્પિટલની કેન્ટીન તરફ ચા પીવા માટે થઈ ચાલીને જતાં હતા. ત્યારે આ રવિભાઈને અગાઉ સાવરકુંડલા ગામે થયેલ માથાકૂટના બનાવમાં સામાવાળા પૈકીના કોઈ અજાણ્યા શખ્સે પાછળથી કાર નં. જી.જે.–૧૨ડીએ–૨૫૬૫ના ચાલકે આ વકીલ સહિત ત્રણેયને જાનથી મારી નાખવાના ઈરાદે ફોરવ્હીલ પુરઝડપે ચલાવી ત્રણેયને હડફેટે લેતાં વકીલને માથાના ભાગે, દાઢી, ડાબા નેણ ઉપર ઈજા કરી તેમજ હિતેષભાઈને માથાના ભાગે તથા શરીરે મુંઢ ઈજાઓ કરેલ હતી અને ફરીવાર આરોપી કાર ચાલકે આ વકીલ સહિતના ત્રણેય ઉપર ફોરવ્હીલ ચડાવી દેવાના ઈરાદે પુર ઝડપે રિર્વસ લઈ ફરી વખત પ્રયાસ કર્યો હતો અને આ કારના ચાલકે સિવિલ હોસ્પિટલ ખાતે પડેલ બે બોલેરો વાહનોમાં નુકશાન કરેલ હતું. લોકો એકઠા થઈ જતાં અજાણ્યો કાર ચાલક નાશી ગયો હતો.



આ બનાવમાં જે તે સમયે વકીલે અજાણ્યા કાર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ બનાવના સીસીટીવી ફુટેજ મેળવી કાર ચાલકને ઝડપી લેવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

જે બનાવમાં અમરેલી પોલીસે અમરેલી સિવિલ હોસ્પિટલમાં આવેલ સીસીટીવી ફુટેજ તપાસી કાર ચાલક દ્વારા પૂર્વ આયોજિત કાવતરૂં રચીને ત્રણેય યુવકોને મારી નાંખવાના ઈરાદે કાર ચડાવીને દેવાનો ઈરાદો સ્પષ્ટ થઈ જતાં આવતાં પોલીસે જણાતા પોલીસે સીસીટીવી તથા કાર નંબરના આધારે તપાસ હાથ ધરી આ કાર ચાલકને ઝડપી પાડવા અમરેલી પોલીસે કમર કસી હતી. ત્યારે અમરેલી એસ.ઓ.જી.એ ધારીના ચલાલા તાલુકાના ગરમલી ગામેથી આરોપી કાર ચાલક જયસુખ ખેતરીયાને ઝડપી લઈ અમરેલી સીટી પોલીસને હવાલે આગળની કાર્યવાહી માટે સોંપી આપેલ છે.

જે અંગે અમરેલીના ઈન્ચાર્જ ડીવાયએસપી જયવીર ગઢવીએ જણાવ્યું હતું કે, આરોપી જયસુખ ખેતરીયા સામે અગાઉ પણ ત્રણ ગુન્હા નોંધાયેલા છે અને વીજળીનું કનેકશન પણ ગેરકાયદેસર હોવાથી તેમની સામે દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

ખુબ જાણીતા અને સેવાભાવી તરીકે ઓળખાતા

# બાબરાનાં ઉધોગપતિની જિલ્લા ઉમિયા પરિવાર સંગઠન સમિતિનાં પ્રમુખ તરીકે વરણી

## સમગ્ર પંથકમાંથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે

બાબરા, તા. ૪

બાબરાના ખૂબ જાણીતા અને સેવાભાવી વ્યક્તિ જીનિંગ ઉધોગપતિ નરેશભાઈ દશલાણીયાની ઉમિયા પરિવાર સંગઠન સમિતિના જિલ્લા પ્રમુખ તરીકે વરણી થતા બાબરા શહેર અને તાલુકાના સામાજિક રાજકીય વેપારી અગ્રણીઓ ધ્વારા આવકાર આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

કડવા પટેલ સમાજની ઉમિયા પરિવાર સંગઠન સમિતિના જિલ્લા પ્રમુખ તરીકે જવાબદારી નરેશભાઈ દશલાણીયાને મળતા તેઓ ધ્વારા ગૌરવની લાગણી વ્યક્ત કરી સમાજનું કામ કરવા હમેશા જે ખંત બતાવ્યો છે. એ ખંત સાથે આગળ પણ સમાજલક્ષી કામ કરવા આગળ વધીશું જણાવ્યું હતું.



તેઓની વરણીને બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, જિલ્લા પંચાયતના સભ્ય હિંમતભાઈ દેત્રોજા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, વેપારી અગ્રણી મહેશભાઈ પરવાડિયા, દિનેશભાઈ પોકિયા, નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, મીઠાભાઈ જાવીયા, જીનિંગ ઉધોગપતિ શોકતભાઈ ગાંગાણી, અજિતભાઈ ખોખરીયા, મુકેશભાઈ ખોખરીયા, જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ભુપતભાઈ બસિયા, નરૂભાઈ ત્રિવેદી, રમજાનભાઈ જીવાણી, કાન્તિભાઈ દેત્રોજા, રાજુભાઈ વિરોજા, અનિલભાઈ ચૌહાણ મનોજભાઈ જોગી, હરેશભાઈ શેલિયા, અશોકભાઈ રાખોળિયાં, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, જગદીશભાઈ વાવડીયા, ધર્મેશભાઈ વાવડીયા, સહિતના રાજકીય સામાજિક અગ્રણીઓ ધ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની વરવી વાસ્તવિકતા

# અમરેલી જિલ્લાની મોટાભાગની સરકારી કચેરીમાં કર્મચારીઓની ખાલી જગ્યાથી અરજદારો પરેશાન

## જિલ્લા પંચાયતનાં સત્તા પક્ષનાં સદસ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૪

એક તરફ અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં બેરોજગાર યુવાનોની સંખ્યા કુદકે ને ભુસકે વધી રહી છે અને બીજી તરફ સરકારી કચેરીઓમાં જરૂરી કર્મચારીઓની જગ્યા ખાલી હોવાથી અરજદારોનાં રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ થતો નથી.

દરમિયાનમાં જિલ્લા પંચાયતનાં શાસક પક્ષનાં સદસ્ય વિપુલ દુધાતે મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં ગુજરાત સરકારનાં વિભાગોની કચેરીઓ લોકહિતના કામો માટે કાર્યરત છે તેમાં મંજુર મહેકમ મુજબ અધિકારી/કર્મચારીઓ નથી અને હાલમાં જે અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે તે રજા પર હોય છે. ત્યારે એક કચેરીનો ચાર્જ બીજા અધિકારી/કર્મચારીઓને આપવામાં આવે છે. પરંતુ મુળ ફરજની કચેરીમાં કામના ભારણને કારણે અધિકારી/કર્મચારીઓ ચાર્જ વાળી જગ્યાએ લોકહિતના કામો માટે પુરતો સમય આપી શકતા નથી. જેથી જિલ્લા/તાલુકા મથકે આવતા ગામડાના લોકો/અરજદારોનો સમય/પૈસાનો વ્યય તથા હેરાન–પરેશાન થાય છે, જિલ્લાની કલેકટર/પ્રાંત/મામલતદાર/જમીન દફતર/સીટી સર્વે/જિલ્લા પંચાયતની તમામ શાખાની કચેરીઓમાં અધિકારી/



કર્મચારીઓની ખૂબ જ મોટાપાયે ઘટ/ખાલી છે જે તાત્કાલિક ધોરણે લોકહિતમાં જિલ્લાની તમામ ખાલી જગ્યાઓ ભરવા અંતમાં માંગ કરેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોય, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦










જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



# "જીવો આયુ એવું ક્ષણમહી ભરી કોટિ યુગો..."

## પગદંડી/લેખન



### – પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા

ફિરોજ દાવરસાહેબે કયાંક જણાવ્યું છે કે મૃત્યુ જેવો અપશુકનિયાળ શબ્દ આપણા શબ્દકોશમાં બીજો એકેય નહીં હોય. એના નામ માત્રથી મનુષ્ય ભયગ્રસ્ત બને છે, તેનો આનંદ છિનવાઈ જાય છે, ચિંતા અને શોકનું સામ્રાજય ફેલાઈ જાય છે. છતાં એ વિષય એટલો ગંભીર અને અગત્યનો છે કે પ્લેટોના મત પ્રમાણે 'ફિલસૂફી એટલે જ મોત પર મનન.' શોપનહોવરે પણ આવું જ કહ્યું છે કે 'મૃત્યુના દશ્યથી જ સૌપ્રથમ મનુષ્યહૃદયમાં તત્ત્વચિંતનવૃત્તિ ઉત્તેજિત થઈ હતી.' વસંત પરીખ કહે છે, 'શું મોત જીવનનો અંત છે ? શું મોત જીવનનું પૂર્ણવિરામ છે ? હા, ઉપલક દૃષ્ટિએ એવું લાગે. વાસ્તવમાં જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો વાવણીનો છે. ખેતરમાં પાક તૈયાર થાય, લળણી થાય, પછી ખેતર સાફ લાગે. વળી પાછી વાવણી અને લળણી. એવું જ કાંઈક જન્મ અને મૃત્યુ વિશે હોઈ શકે.રજનીશજી મોતને એક ઉત્સવ ગણે છે. રામનારાયણ પાઠક મૃત્યુમાં મંગલ જુએ છે. નર્મદે ગાયું છે, 'નવ કરશો કોઈ શોક રસિકડાં.' કાકા કાલેલકર મૃત્યુને ' પરમસખા' ગણે છે. જે. કૃષ્ણમૂર્તિ કહે છે, 'વિદ્યાર્થીઓ સહેજ સમજણા થાય પછી એમના અભ્યાસક્રમમાં મરણનો વિષય દાખલ કરવો જોઈએ.'મૃત્યુ એક ક્ષણની ઘટના ભલે હોય, પણ તે ક્ષણ આખાય જીવનના સરવાળારૂપ હોય છે. ગુણવંત શાહ કહે છે, 'મૃત્યુ નામના સાવ જ અપરિચિત ગામમાં પ્રવેશતાં પહેલાં પાદર પર ઊભેલો માણસ પોતાના જીવનપથ પર પાછોતરી નજર નાખે તો કદાચ જીવનનું ઓડિટ પ્રગટ થાય એમ બને. ન કોઈ છેતરપિંડી અને ન કોઈ સજા ! બસ, જાતનો હિસાબ જાત સાથે. ઉપનિષદના–ઋષિએ આવા આખરી ઓડિટ માટે શબ્દો વાપર્યા છે, 'કૃતો સ્મર, કૃતં સ્મર.' હે જીવાત્મા, કરેલાં કર્મોનું સ્મરણ કર.' સોગ્યાસ રીનમોઢ તો સ્પષ્ટ કહે છે કે, 'મૃત્યુ એક એવો અરીસો છે કે જેમાં આપણે જીવનના અર્થનું સાચું પ્રતિબિંબ જોઈ શકીએ છીએ.'આમ, જીવન કેવું જીવવું જોઈએ તે મૃત્યુ શીખવે છે. એ અર્થમાં મૃત્યુ એ જીવનગુરૂ છે. મૃત્યુને સમજવાથી જીવન સમજાય છે. મૃત્યુની ઘટના જેટલી નિશ્ચિત છે એટલો જ એનો સમય અનિશ્ચિત છે. જીવનપ્રવાસ કેટલો લાંબો છે તેની કોઈનેય ખબર નથી, પણ જેટલો સમય મળ્યો હોય તેટલો કેમ વિતાવવો તે માણસે શીખી લેવું જોઈએ.હરિભાઈ કોઠારી જીવનને ક્રિકેટની રમત સાથે સરખાવે છે. જીવન પણ ક્રિકેટની રમત જેવું અનિશ્ચિત છે. કોઈ બટ્સમનને ખબર નથી હોતી કે કયો દડો એના માટે આખરી દડો છે. એવી જ રીતે જીવનના ખેલમાં કોઈ માણસને જાણ હોતી નથી કે કયો શ્વાસ એના માટે છેલ્લો શ્વાસ છે.ભારતની ચારેય દિશાઓમાં ચાર મઠોની સ્થાપના કરનાર, હિન્દુ ધર્મનું ઉત્થાન કરનાર, ગીતા આદિ પર ભાષ્યો લખનાર આદિ શંકરાચાર્યે ફકત ૩૨ વર્ષની ઉંમરે જ જીવનલીલા સંકેલી લીધેલી.૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ના રોજ શિકાગો ખાતે યોજાયેલી 'વિ ધર્મ પરિષદ'માં 'બ્રધર્સ અન્ડ સિસ્ટર્સ'ના સંબોધનથી સેને રોમાંચિત કરનાર વાવાઝોડા જેવા હિન્દુ સાધુ સ્વામી વિવેકાનંદ અવસાન સમયે માત્ર ૩૯ વર્ષના હતા.'જ્ઞાનેરી ગીતા' લખનાર સંત જ્ઞાનેર ૨૧ વર્ષની કુમળી વયે ભગવદ્ગીતાનો નવમો અધ્યાય બોલતાં બોલતાં ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં સમાધિસ્થ અવસ્થામાં દેહ છોડયો.ઈસુ ખ્રિસ્તને શૂળીએ ચઢાવ્યા ત્યારે તેઓ ૩૩ વર્ષના હતા. જોન આફ આર્કને ધર્મ અદાલત દ્વારા જીવતી સળગાવી દેવાની સજા ફરમાવાયેલી. હાથમાં ક્રોસ અને હોઠ ઉપર અંતિમ શબ્દ 'જિસસ' સાથે આગમાં બળીને ખાખ થઈ ગઈ ત્યારે તે માત્ર ૧૯ વર્ષની હતી. ઈ.સ. ૧૯૨૦માં ખ્રિસ્તી સમાજે તેને 'સંત' તરીકે જાહેર કરી !જૈન ધર્મના મહાન ચિંતક રાયચંદભાઈ એટલે કે શ્રીમદ્ રાજચંદ્રે દેહ છોડયો ત્યારે તે માત્ર ૩૩ વર્ષના હતા. ઈ.સ. ૧૮૩૨ ઈ.સ. ૧૮૭૧માં કરસનદાસ મૂળજી નામે મોટા સમાજ સુધારક થઈ ગયા. તેમણે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરેલો તેથી તે જમાનામાં સમાજે તેમને ન્યાત બહાર ઠેરવેલા. તેમણે વૈષ્ણવ મહંતોની પ્રપંચલીલા ખુલ્લી પાડી, તેમના પર કેસ થયો, જે આખા ભારતમાં ઘણો ખ્યાતનામ અને ચર્ચાસ્પદ હતો. તેઓ કેસ જીતી ગયેલા. સમાજસુધારણા ક્ષેત્રે આગળ પડતું કામ કરનારા હતા. તેમનું ૩૯ વર્ષે અવસાન થયેલું. 'એલેકઝાન્ડર ધ ગ્રેટ' જેને આપણે સિકંદર નામથી ઓળખીએ છીએ, તે ફકત ૨૦ વર્ષની ઉંમરે ગાદીએ બેઠેલો. ખૈબરઘાટથી ભારતમાં વિજયકૂચ આરંભી. વતનથી ૮,૦૦૦ કિ.મી.ની લશ્કરી કૂચ કરનાર આ સિકંદરે અનેક પ્રદેશો જીત્યા. મૃત્યુ પામ્યો ત્યારે તે ફકત ૩૩ વર્ષનો હતો.રઝિયા સુલતાના દિલ્હીના તખ્ત પર બેસનારી સૈપ્રથમ મહિલા. સાડા ત્રણ વર્ષના શાસન દરમિયાન તેણે અસંખ્ય વૃક્ષો રોપાવ્યાં, કૂવાઓ ખોદાવ્યા, રસ્તાઓ બંધાવ્યા. અનેક લોકોપયોગી કાર્યો કર્યા અને તે બધું તે ૩૦ વર્ષની ઉંમરે હણાઈ તે પહેલાં.' મેરી ઝાંસી નહીં દૂંગી'ના નારા સાથે ઈ.સ. ૧૮૫૭માં અંગ્રેજોને મોઢે ફીણ લાવી દેનાર રાણી લક્ષ્મીબાઈ ફકત ૨૩ વર્ષની ઉંમરે યુધ્ધ મેદાનમાં વીરગતિ પામી.ભગતસિંહ (૨૩ વર્ષ) સુખદેવ (૨૪ વર્ષ) અને રાજગુરૂ(૨૩ વર્ષ)એ માસૂમ ઉંમરે દેશ કાજે શહીદી વહોરી લીધેલી તે સર્વવિદિત છે.માર્ટિન લ્યુથર કિંગ જુનિયરે 'સમાન માનવઅધિકાર'ની ચળવળ અમેરિકામાં કરી અને ૩૯ વર્ષે ગુજરી ગયા.છત્રપતિ શંભાજી મહારાજને ઔરંગઝેબે ખૂબ સતામણી કરી, તરેહ તરેહની તરકીબોથી ખૂબ રિબાવ્યા, પણ તેમણે ન તો ધર્મપરિવર્તન કર્યું, ન તો મરાઠા રાજયના ખજાનાની કે અન્ય કોઈ માહિતી આપી. પુષ્કળ યાતનાઓ સહન કરી ફકત ૩૧ વર્ષની ઉંમરે આ ધર્મવીર અવસાન પામ્યા.અત્યંત નાની વયે તો અનેક વિજ્ઞાનીઓ મૃત્યુ પામ્યા છે, સમગ્ર ભારતવર્ષ જેને માટે ગેરવ લે છે તે પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી નિવાસ રામાનુજનનો IQ આઈન્સ્ટાઈનના કરતાં પણ વધુ હતો. '૧૭૨૯' સંખ્યાને ગણિતજ્ઞો 'રામાનુજન સંખ્યા' તરીકે ઓળખે છે. માત્ર ૩૨ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મૃત્યુ પામ્યા.તે જ પ્રમાણે ભૌતિકશાસ્ત્ર અને ગણિતના પ્રખર નિષ્ણાત પાસ્કલે પણ ૩૯ વર્ષની ઉંમરે વિદાય લીધી. આજના તબીબી અને જનીનશાસ્ત્રમાં DNAની બોલબાલા છે. તેના સંશોધક રોઝાલીન્ડ ફ્રેંકલીન ૩૮ વર્ષે ગુજરી ગયેલા. ક્વોન્ટમ ફિઝિક્સ, રેડિયો વેવ્ઝ, અવાજના તરંગોના નિષ્ણાત હટર્ઝ પણ ૨૭ વર્ષની કુમળી વયે મૃત્યુ પામેલા.સંગીત અને કલા ક્ષેત્રે નાની ઉંમરે અવસાન પામેલાની યાદી મોટી છે. પણ સૈથી મોખરે આપણે મોઝાર્ટને યાદ કરીએ. ચાળીસથી વધુ સીમ્ફની તેમણે કંપોઝ કરેલી અને તેમાં પણ પહેલી સીમ્ફની તો ફકત ૮ વર્ષની ઉંમરે કંપોઝ કરેલી. મોઝાર્ટ ૩૫ વર્ષ જ જીવ્યા. ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રસિદ્ધ ગાયક ડી. વી. પલુસ્કરે ૩૪ વર્ષનું આયુષ્ય ભોગવેલું.મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોગે ૩૭ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ છોડ્યો. ચિત્રકાર રાફેલ પણ ૩૭ વર્ષે મૃત્યુ પામેલા. આપણા દેશમાં પ્રખ્યાત ચિત્રકાર અમૃતા શેરગીલે ૨૮ વર્ષની ઉંમરે આંખો મીંચી દીધી હતી.હોલિવૂડની અતિ સૌંદર્યવતી અભિનેત્રી મેરેલીન મનરો ૩૭ વર્ષે મૃત્યુ પામેલી. કલા અને સુંદરતાને હિસાબે લોકપ્રિય બનેલાં બાલિવૂડનાં કલાકારો દિવ્યા ભારતી ૧૯ વર્ષે, ઝીયા ખાન ૨૫ વર્ષે, સુશાન્ત રાજપુત ૩૪ વર્ષે અને પ્રત્યુષા બેનરજી ૨૪ વર્ષે અવસાન પામેલાં. અતિ મનમોહક સૈંદર્ય ધરાવતી ડાયેના સ્પેન્સર (પ્રિન્સ ચાર્લ્સનાં પત્ની) ૩૬ વર્ષે ગુજરી ગયેલાં.કવિ જહાન કિટ્સ ૨૬ વર્ષ જીવેલા. શેલીને ૩૦ વર્ષે મૃત્યુ આંબી ગયું. કવિ બાયરન ૩૬ વર્ષે, કલાપી ૨૬ વર્ષે અને રાવજી પટેલ ૨૮ વર્ષે વિદાય થયેલા. 'ધ ડાયરી ઓફ એની ફ્રેન્ક'ની રચયિતા એની ફ્રેન્ક ફકત ૧૫ વર્ષે મૃત્યુ પામેલી.'ડેથ બી નોટ પ્રાઉડ'ના લેખક જહોન ગન્થરનો પુત્ર જહોની ૧૭ વર્ષે અવસાન પામેલો. વિચક્ષણ બુદ્ધિપ્રતિભા અને ઊંડી સંશોધનવૃત્તિની સૂઝ ધરાવતા આ જુવાનિયાનો IQ આઈન્સ્ટાઈનના કરતાં પણ વધુ હતો અને તેણે આઈન્સ્ટાઈનની 'થિયરી ઓફ રિલેટિવેટી'ને પડકારી હતી.આવાં તો અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે. આ બધાંનું જીવન ભલે લાંબું નહોતું પણ તે સૌ ટૂંકી જિંદગી જીવીને પણ કાળની રેતી પર અમીટ છાપ પાડીને વિદાય થયાં. ઓછા આયુષ્યમાં તેમનું પ્રતિભાશાળી વ્યકિતત્વ દાદ માંગે છે. આ જ બતાવે છે કે આપણે કર્મોમાં જીવીએ છીએ, નહીં કે વર્ષોમાં - We live in deeds, not in years.

**– હિમા યાજ્ઞિક**
**સંપર્ક : ૯૮૯૮૮ ૩૧૦૦૩**



# બાલ એક્સપ્રેસ



**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ

## વિનોદની હતાશા

### જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત

વિનોદે આઠ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ ગામડે પૂરૂ કર્યું. હવે તે નવમા ધોરણમાં શહેરની શાળામાં દાખલ થયો.

તે આ શાળામાં નવો હતો. હજી તેના કોઈ મિત્ર થયા ન હતા. પહેલા પિરિયડમાં તેણે બોર્ડ ઉપરનું લખવાનું શરૂ કર્યું. તે ડાબા હાથે લખતો હતો.

સૌ પ્રથમ તેની બાજુમાં બેઠેલા માધવનું ધ્યાન ગયું. માધવે મહેશને કહ્યું અને મહેશે હરેશને કહ્યું. રિસેસ સુધીમાં તો બધાને ખબર પડી ગઈ કે વિનોદ ડાબા હાથે લખે છે.

હવે બધા તેની મજાક ઉડાડવા લાગ્યા. તે બ્લેક બોર્ડ ઉપરનું ડાબા હાથે લખે એટલે તરત બધા બૂમ પાડી ઉઠતા. "ડાબોડી ડાબોડી વિનોદ ડાબોડી." તે બહુ શરમિંદો થઈ જતો.

રિસેસમાં પણ નાસ્તો કરવા તે જેવી ચમચી ડાબા હાથે પકડે ત્યાં તરત બધા બોલી ઊઠતા, "ડાબોડી ડાબોડી વિનોદ ડાબોડી."

આજે પીટીના પિરિયડમાં સાહેબે ગોળાફેંક સ્પર્ધા રાખી હતી. વિનોદે જયારે ડાબા હાથે ગોળો પકડયો ત્યાં બધા વિદ્યાર્થીઓ બોલવા લાગ્યા, " ડાબોડી ડાબોડી વિનોદ ડાબોડી."

નિરાશ થઈ તે ગોળો ફેંક્યા વિના નીચે બેસી ગયો. હવે તેને શાળામાં મજા આવતી ન હતી. બે ત્રણ દિવસ તે શાળાએ ન ગયો.

વિનોદે તેના પપ્પાને કહ્યું કે, "શાળામાં મને બધા ડાબોડી ડાબોડી કહી ખીજવે છે. હવે હું શાળાએ જઈશ નહીં."

વિનોદના પપ્પા બે–ચાર દિવસ પછી શાળાના આચાર્યને મળ્યા અને વિનોદની સમસ્યા વર્ણવી.



વિનોદના પપ્પાએ કહ્યું કે, "તે હવે શાળાએ આવવાની ના પાડે છે.!" શાળાના આચાર્ય દેવજીભાઈએ કહ્યું કે, "કાલે તમે વિનોદને લઈને શાળાએ આવજો. વિનોદની સમસ્યાનું સમાધાન થઈ જશે. તમે નિશ્ચિત રહો."

બીજા દિવસે વિનોદ તેના પપ્પા સાથે આવ્યો. આજે શનિવાર હતો. શરૂઆતમાં બાલસભા હતી.

આચાર્ય દેવજીભાઈએ વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે, "આજે હું જાણીતી વ્યકિત વિશે થોડાક પ્રશ્નો પૂછીશ. જે સાચા જવાબ આપશે તેને ઈનામ આપવામાં આવશે."

પ્રશ્નની શરૂઆત કરતાં દેવજીભાઈએ કહ્યું કે, "ગાંધીજી વિશે જણાવો જોઈએ." કોઈ કહે તે આપના રાષ્ટ્રપિતા છે. કોઈ કહે તે અહિંસાના પૂજારી છે. કોઈ કહે એને વૈષ્ણવજન ભજન બહુ ગમતું હતું વગેરે...

## એવો એક ધોબી !: લલ્લુભાઈ મ. પટેલ



### ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી



દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની આગેવાની નીચે હિંદીઓએ સત્યાગ્રહની લડત માંડી હતી. મોટી સંખ્યામાં લોકો જેલમાં ગયેલા. તેમાંના કેટલાક એવા હતા કે પાછળ એમના કુટુંબનું ધ્યાન રાખનાર કોઈ હતું નહીં. તેવાં કુટુંબોને માટે ગાંધીજીના આશ્રમ ટાલ્સ્ટાય ફાર્મમાં વ્યવસ્થા કરવામાં આવેલી.

ગાંધીજી જેલમાંથી છૂટીને આવ્યા પછી ખૂબ કામમાં રહેતા હતા. છતાં સમય કાઢી એ કુટુંબની બહેનોને મળવાનું ને આસન આપવાનું ચૂકતા નહીં. તેમને ઘરકામમાં પણ કોઈક વાર મદદ કરતા.

એક દિવસ ગાંધીજી પોતાનાં કપડાં ધોવા નદીએ જતા હતા. નાનાં નાનાં બાળકોવાળી માતાઓની મુશ્કેલીનો વિચાર કરીને તેમની પાસે એ ગયા ને બોલ્યા : "આજે તમારાં સહુનાં કપડાં હું ધોઈ આપીશ. નદી ઘણે લાંબે છે, અને તમારે નાનાં છોકરાં સાચવવાનાં હોય. એટલે બાળકોએ ઝાડો પેશાબ કર્યા હોય તેવાં કપડાં સુધ્ધાં મને આપી દો."

"અરે, ગાંધીભાઈને તે કપડાં ધોવા અપાતાં હશે ! એ તો મોડાં વહેલાં અમે જ ધોઈ નાખશું." પ્રેમ અને સંકોચમિશ્રિત લાગણી સાથે બહેનો બોલી.

પણ ગાંધીજી એમ નમતું જોખે તેવા ન હતા. કપડાં લઈ જવાનો આગ્રહ તેમણે ચાલુ રાખ્યો. બહેનોના સંકોચનો તો પાર નહોતો. પણ અંતે પ્રેમનો વિજય થયો. બધાં કપડાંનો એક મોટો ગાંસડો બાંધ્યો અને તેને પીઠ પર નાખીને ગાંધીભાઈ નદી તરફ ચાલી નીકળ્યા.

ત્યાં જઈને બધાં કપડાં પ્રેમપૂર્વક ધોયાં, નદીના તટ પર સૂકવ્યાં, તેની ગડી કરી 'ફાર્મ' પર લાવ્યા અને ઘેર ઘેર ફરી બહેનોને તેમનાં કપડાં પહોંચાડયાં. પછી એ ધોબીના ધોયેલાં વસ્ત્રો પહેરતાં બહેનોએ કેવી કેવી લાગણીઓ અનુભવી હશે !

**૯. 'ગરીબાઈથી ધ્રૂજું છું'**

દિલ્હીમાં કડકડતી ઠંડી પડતી હતી. ગાંધીજી ત્યારે બિરલા ભવનમાં રહેતા હતા. સવારની પ્રાર્થના માટે તેઓ વહેલા ઊઠતા અને હાથ ઠરી જાય એવા ઠંડા પાણીએ પોતાનું મોં ધોતા. એ દશ્ય જોનારને તરત જ વિચાર આવતો કે, બાપુ હૂંફાળા પાણીએ મોં ધુએ તો કેવું સારૂ ! અને કોઈ એવી સૂચના કરતું તો તેઓ ના પાડતા ! હિંદની ગરીબાઈથી નિરંતર દ્રવતું તેમનું અંતર કહેતું કે, પાણી ગરમ કરવાનો બોજો આ રંક દેશ પર હું કેમ લાદું ?

આવી જ ઠંડીમાં સવારની પ્રાર્થના પછી એક દિવસ તેઓ કામે લાગી ગયા ! આવેલી ટપાલનાં નકામા પરબીડિયાંનો ઢગલો તેમણે ઓરડામાં જોયો. હાથમાં કાતર લઈ તેઓ પરબીડિયાં કાપવા લાગ્યા. એક બાજુનો કોરો કાગળ એક પર બીજો એમ ગોઠવી તેઓ લખવાનું પડ બનાવી રહ્યા હતા. આ ગરીબ દેશમાં આવી રીતે કાગળ વેડફાઈ જાય તે તેમનાથી સહન થતું ન હતું. પણ પરબીડિયાં કાપતાં કાપતાં તેમનો હાથ ધ્રૂજતો હતો. ગાંધીજી આવી ઠંડીમાં એ કામ બંધ કરે તો સારૂ, એ વિચારે એક જણે કહ્યું : "બાપુ ! તમે ઠંડીથી ધ્રૂજો છો !"

ગાંધીજી : ના, ઠંડીથી હું ધ્રૂજતો નથી. કુદરતી ઠંડી તો શરીરને લાભદાયક છે. પણ હિંદની મૂંગી આમ જનતાની ગરીબાઈ અને નિરાધારપણાના વિચારે હું ધ્રૂજું છું. તેનો અંત કયારે આવશે ? પરબીડિયાં કાપવાનું તેમણે ચાલુ રાખ્યું.

## અલ્પ સાધનના સંસ્કાર




સંતાનોને બધી સગવડ અને અનુકૂળતાઓ આપવાથી એનો પૂર્ણ વિકાસ થઈ જાય છે એ વાત બધા કિસ્સાઓમાં સાચી પડતી નથી. વળી આ જોઈએ અને તે જોઈએ એ પ્રકારની મનોવૃતિ પણ કેળવણીકારાએ સ્વીકારી નથી. ગાંધીયુગ પૂરો થવાની સાથે આપણે એ વાત જ ભુલી ગયા છીએ કે દેશમાં અત્યારે જે વયસ્કો છે તેમણે પૂર્વકાળ બહુ જ ટાંચા સાધનો અને વિવિધ અછત વચ્ચે પોતાની જાતને ઘડેલી છે. જો બાળકમાં પોતાની જરૂરિયાત ઘટાડતા રહેવાની પ્રકિયા કેળવાતી નહીં રહ તો આગળ જતાં તે ભૌતિકવાદનો શિકાર થઈ જશે. ઉપરાંત અન્ય લોકોની સેવા લેવાની વૃતિ જન્મશે જેમાંથી અવિવેક સર્જાશે. શ્રીમંત પરિવારોના કેટલાક સંતાનો જેને આપડી પ્રજા નબીરા તરીકે ઓળખે છે તે આવી જ પ્રકિયાઓનું પરિણામ હોય છે. બાળકોમાં એવી આછકલાઈ ન આવી જાય એ માટે પણ અલ્પસાધનથી કામકાજ નિભાવીને પોતાનું તપ કરતા રહેવાના સંસ્કાર વિકાસતા રહેવા જોઈએ આવા સંસ્કારો પણ એની મૂડી છે.

## ભાગ–૪ શ્રીમતી કાન્તાબહેન એમ. પટેલ

અંતે સાંજે ૫.૦૦ વાગે અમે અમારા ક્રૂઝ તરફ પાછાં વળ્યાં. ખરેખર તો ક્રૂઝ સવારે અમને ઉતારીને આજુબાજુના નાના ટાપુઓનાં પેસેન્જરોને તેમના ટાપુઓ ઉપર મૂકવા જાય છે. અને પછી ચાર સાડા ચાર વાગ્યે પાછું હતું ત્યાં આવી જાય છે. સ્થાનિક વસ્તીને લાભ મળે એટલે ક્રૂઝ તેમની પણ સાવ સસ્તા ભાવે સેવા કરે છે.

### લક્ષદ્વીપ–પ્રવાસ



સ્વામી સચ્ચિદાનંદ

પ્રકાશક : ગુર્જર પ્રકાશન

જાણવા મળ્યું કે આ ક્રૂઝ રોજનું ૯ ટન ડીઝલ વાપરી નાખે છે. ચાલતું હોય કે ઊભું હોય, તેનાં એન્જિનો તો ધમધમતાં જ હોય. અમે બધાં ' કલ્પેની'નો પ્રવાસ પૂરો કરીને પાછાં ક્રૂઝ ઉપર આવી ગયા. ફરી પાછો ઊંચી ઊંચી ત્રણ સીડીઓ ચઢીને મારી કેબિનમાં આવ્યો. સાંજે મારે કશું જમવું નથી. સમર્પણા દેવીની ભાખરીઓ મને અને બીજા કેટલાયને સાંત્વના આપે છે. સાથેનાં મરચાં પણ એટલાં જ સ્વાદિષ્ટ છે. જગદીશભાઈનું કહેવું છે કે આવી ભાખરીઓ મેં પહેલી જ વાર જોઈ. એક મહિના સુધી આને કશો વાંધો આવે નહીં.

બધાં જમીને ક્રૂઝમાં એક હોલ છે ત્યાં ભેગાં થયાં. અમારી સાથે પ્રવાસમાં ડોકટર જીવરાજ ડાંખરા અને તેમનાં ધર્મપત્ની કંચનબહેન પણ પ્રવાસ કરે છે. આ યુગલનું આદર્શ દામ્પત્ય લોકો માટે દાખલારૂપ કહી શકાય. જીવરાજ ડોકટર થયા અને કંચનબહેન અંગૂઠાછાપ રહી ગયાં. ત્યારે કન્યાઓને ભણાવાતી નહિ ! હવે કન્યાના બાપને અને કન્યાને ચિંતા થઈ કે આવો ભણેલો ગણેલો ડોકટર અભણ કન્યાનો સ્વીકાર નહીં કરે. ત્યારે સગાઈ તો બચપણમાં જ થઈ જતી અને મોટા ભાગે લગ્નો પણ બચપણમાં થઈ જતાં. કંચનબહેને સતી અને પાર્વતીની માફક તપસ્યા શરૂ કરી : વરૂ તો જીવરાજને વરૂ નહીં તો કુંવારી રહું. તપસ્યાએ રંગ રાખ્યો. જે લોકોએ કદી કોઈ મહાન વસ્તુ માટે તપસ્યા કરી જ નથી અને તેમને મહાન વસ્તુ મળી જાય છે તો તેની તેમને કદર–કિંમત હોતી નથી. કન્યાઓ વરને ચાર રીતે વરતી હોય છે : (૧) માતાપિતા, વડીલો વગેરે દ્વારા ગોઠવાઈને વરનારી કન્યા, (૨) પ્રેમલગ્ન કરીને પોતાની મેળે જ વરને વરનારી કન્યા. જોકે આવાં પ્રેમલગ્નો બહુ ઓછાં સફળ થતાં હોય છે, કારણ કે લગ્ન પહેલાંનો વ્યવહાર અને પછીનો વ્યવહાર બદલાઈ જતો હોય છે. પહેલાં કન્યા પ્રેમિકા હોય છે અને પ્રેમી તેની પ્રત્યેક ઈચ્છા પૂરી કરવા તત્પર રહેતો હોય છે, પણ પત્ની થયા પછી પ્રેમી ધણી બની જતો હોય છે અને ધણીની માફક હુકમ ચલાવતો હોય છે. તેમાં પણ જો પ્રેમી વિધર્મી કે વિરૂધ્ધ જ્ઞાતિનો હોય તો–તો કેટલીક વાર જોહુકમી પણ ચલાવે અને ત્રાસ પણ આપે. આવા સમયે કન્યાને પિયરપક્ષનો સાથ ન હોવાથી તે એકાકી, નિરાધાર, લાચાર થઈને માત્ર કામવાસના પૂરી પાડવાનું અને છોકરાં જણવાનું કામ કરતી કઠપૂતળી માત્ર બની જતી હોય છે. જોકે કેટલાંક પ્રેમીઓ સારી રીતે સફળ દામ્પત્ય પણ ભોગવતાં હોય છે. પ્રેમકાળમાં જ જેઓ દેહસંબંધ બાંધવાની ઉતાવળ કરી લેતાં હોય છે અને પછી છૂટાં પડતાં હોય છે તેમની તો ઘણી દુર્દશા થતી હોય છે. જેઓ માત્રને માત્ર દેહસંબંધ બાંધવા માટે જ પ્રેમ કરતાં હોય છે તેવાં સેકન્ડ–હન્ડ, થર્ડ–હન્ડ કે બહુ હન્ડ માણસો જીવનમાં કદી સાચો પ્રેમ પ્રાપ્ત કરી શકતાં નથી.



બાલમિત્રો,

અત્યારે કઈ ઋતુ ચાલે છે ? બધાને મોજ પડે તેવી ઋતુ એટલે કે વર્ષાઋતુ, ત્રણેય ઋતુમાં વર્ષાઋતુ મહત્વની ઋતુ છે. જેના પર જગત આખું નભે છે. જીવંત રહે છે. પાણી, ખોરાક, અન્ન વિગેરે આપવાને વર્ષાઋતુ થકી પ્રાપ્ત થાય છે. વર્ષાને વર્ષારાણી પણ કહે છે. પર્યાવરણને જીવંત રાખતી ઋતુ છે.

એમાંય બાળકોને તો વરસાદમાં પ્લળવુ, ભીંજાવું, છબછબિયા કરવા, કાગળની હોડી તરાવવી, રમતમાં વરસાદી પણ ઉડાવવા અને કેટલાકં નાના ટેણિયા તો નાગપુગા શેરીમાં દોડી જતાં હોય છે. વરસાદનો એવો આનંદ હોય છે. આકાશ ગોરંભાયું હોય, બફારો થવો હોય, અકળામણ થતી, હોય એને પડતું ન હોય એવા સમયે ખેતરોમાં સીમમાં મોર ટહુકા કરે મે– આવ કેવું ગમે ? અને કડાકાભડા સાથે વીજળીનાં કડાકા સાથે વરસાદ ખાલબે પછી જુઓ મજા.

તમને નિશાળમાં વર્ષાઋતુનો નિંબંધ પણ લખાવતા હશે. જો તમે નિબંધ લખો તો સંપાદકને મોકલશો. બાળ એકસપ્રેસમાં છાપીશું..



## પોપટને કાગડો

એક હતો પોપટ. પોપટ બહુ જ ભલો ને ડાહ્યો હતો. એક દિવસ પોપટને એની મા કહે – ભાઈ કમાવા જા ને ?

પોપટ તો 'ઠીક' કહીને કમાવા ચાલ્યો. ચાલતાં ચાલતાં દૂર ગયો ત્યાં એક મોટું સરોવર આવ્યું. સરોવરની પાળે મજાનો આંબો હતો. તેના ઉપર પોપટ બેઠો.

આંબે કાચી અને પાકી ઘણીબધી કેરીઓ આવેલી. ફુટ કેરીઓ ખાય, આંબા ડાળે હીંચકે ને ટેકા કરે. ત્યાંથી એક ગયોનો ગોવાળ નીકળ્યો. પોપટ ગાયોના ગોવાળને કહે :

એ ભાઈ ગાયોના ગોવાળ,
ભાઈ ગાયોના ગોવાળ !
મારી માને એટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટેકા કરે.

ગોવાળ કહે – બાપુ ! આ ગાયો રેઢી મૂકીને હું તે તારી બાને કહેવા કયાં જાઉં ? તારે જોઈતી હોય તો આમાંથી એક સારી મજાની ગાય લઈ લે. પોપટે તો એક ગાય લીધીને આંબાના થડે બાંધી દીધી.

થોડીક વાર થઈ ત્યાં તો ત્યાંથી ભેંસોનો ગોવાળ નીકળ્યો. પોપટ ભેંસોના ગોવાળને કહે –

એ ભાઈ ભેંસોના ગોવાળ,
ભાઈ ભેંસોના ગોવાળ !
મારી માને એટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટેકા કરે.

ભેંસોનો ગોવાળ કહે – બાપુ ! મારાથી તો કહેવા નહિ જવાય. તારે જોઈએ તો આમાંથી એક પાડિયાળી ભેંસ લઈ લે. પોપટે તો એક સારી મજાની ભેંસ લીધી ને આંબાને થડે બાંધી.

થોડીક વાર થઈ ત્યાં બકરાંનો ગોવાળ નીકળ્યો. પોપટ બકરાંના ગોવાળને કહે –

એ ભાઈ બકરાંના ગોવાળ,
ભાઈ બકરાંના ગોવાળ !
મારી માને એટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટેકા કરે.

બકરાંનો ગોવાળ કહે – અરે બાપુ ! આ બકરાં રેઢાં મૂકીને મારાથી તારી માને કહેવા નહિ જવાય. તારે જોઈએ તો કમચાર બકરાં લઈ લે. પોપટે બેચાર રૂપાળાં બકરાં લઈ લીધાં કી આંબાને થડે બાંધી દીધાં. વળી

### બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

ત્યાંથી ઘેટાંનો ગોવાળ નીકળ્યો. પોપટ ઘેટાંના ગોવાળને કહે –

એ ભાઈ ઘેટાંના ગોવાળ,
ભાઈ ઘેટાંના ગોવાળ,
મારી માને એટલું કહેજે,
પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય,
પોપટ ટેકા કરે.

ઘેટાંનો ગોવાળ કહે – અરે બાપુ ! આ ઘેટાં રેઢાં મૂકીને મારાથી તારી માને કહેવા કેમ જવાય ? જોઈએ તો ચારપાંચ ઘેટાં લઈ લે. પોપટે તો ચારપાંચ ઘેટાં લઈને આંબાને થડે બાંધ્યાં.

## વિચાર માળાનાં મોતી

પુસ્તકનો એકમાત્ર સાચો ઉપયોગ માણસને જાતે વિચારતો કરવામાં રહેલો છે. જે ચોપડી માણસને વિચારતો ન કરી મૂકે તેની કિંમત અભરાઈ પર એણે રોકેલી જગ્યા જેટલી પણ નથી.દીવાને અજવાળે એકલા એકલા બેઠા હોઈએ અને સામે એક પુસ્તક ખુલ્લું પડેલું હોય, એ આનંદની તોલે તો બીજું કાંઈ ન આવે.

રમવા જતાં બાળકોને અને ચોરે બેસવા જતાં ઘરડાંઓને રોકી રાખી શકે એનું નામ વારતા.

ભગવાન આપણને સ્મૃતિ આપે છે, જેની પાનખરમાં પણ આપણે ગુલાબોને માણીએ.

# ખોવાયેલું પર્સ



ટીનુ અને તેની મમ્મી પાંચેક પરિવાર સાથે ડુંગરપુર ફરવા ગયાં હતાં. ફરતાં–ફરતાં બધાં ફતેહગઢીની નાની ટેકરી પરના મંદિરે પહોંચ્યાં. ટીનુ તેના મિત્રો સાથે વાતો કરતો કરતો મંદિરના દાદર ચઢી રહ્યો હતો. મમ્મી તેમના ગ્રૂપ સાથે તેમની પાછળ પાછળ આવી રહ્યાં હતાં.

ટેકરી પરથી ડુંગરપુરનું આખું શહેર ખૂબ જ સુંદર લાગી રહ્યું હતું. શહેરની બરાબર વચ્ચે આવેલા તળાવના લીધે દશ્ય વધારે સુંદર લાગી રહ્યું હતું. ઉપર પહોંચતાં જ ટીનુએ બૂમ પાડી, 'મમ્મી, મમ્મી ! જલદી અહીં આવો. આ જગ્યાએ તમારો ફોટો સરસ આવશે.''

મમ્મીને ફોટા પડાવવાનો બહુ શોખ હતો. તેઓ લગભગ દોડીને ત્યાં પહોંચી ગયાં. ટીનુએ મોબાઈલ ફોનથી ફોટો પાડયો. તે પછી તો એક પછી એક ફોટા પાડતો રહ્યો અને મમ્મી ફોટા પડાવતાં રહ્યાં. ખરેખર એ જગ્યા જ એવી હતી કે કોઈને પણ ફોટા પડાવાનું મન થઈ જાય !

ટીનુને ફોટા પાડવાની સારી ફાવટ હતી. ટેકરી ઉપર એવી ઘણી જગ્યાઓ હતી જયાં સરસ ફોટા પાડી શકાય એમ હતું.

ટીનુ, મમ્મી અને તેમનું આખું ગ્રૂપ જેટલા ઉત્સાહથી ફતેહગઢી ટેકરીએ ગયું હતું તેટલો ઉત્સાહ એમનામાં નીચે ઊતરતી વખતે દેખાતો નહોતો. કારણ શું હતું, તેની તો ટીનુને ખબર જ નહોતી. ટીનુ તેના દોસ્તો સાથે વાતો કરતો છેક નીચે પહોંચી ગયો હતો. મમ્મી અને તેમનું ગ્રૂપ સાવ ધીમે ધીમે તેમની પાછળ આવી રહ્યું હતું. બધાં નીચે પહોંચ્યાં ત્યારે ટીનુએ મમ્મીનો ચહેરો જોયો તો તે સમજી ગયો કે કશુંક અજુગતું બની ગયું લાગે છે. શું મારાથી કોઈ ભૂલ તો નથી થઈ ને?

ટીનુથી રહેવાયું નહિ, પૂછ્યું, 'મમ્મી, શું થયું છે ?'

પણ મમ્મીએ કોઈ જવાબ ન આપ્યો. ટીનુએ એક વાર નહિ બે–ત્રણ વાર મમ્મીને પૂછી જોયું પણ મમ્મી તરફથી સરખો જવાબ ન મળ્યો.

છેવટે કલ્પના આંટીએ જવાબ આપ્યો, 'તારી મમ્મીનું પર્સ ખોવાઈ ગયું છે.'

તો એમ વાત છે ! ટીનુએ પૂછયું, 'કેવી રીતે ખોવાયું ?'

મમ્મીએ કહ્યું, 'ખબર નથી.'

'આપણે બસમાંથી ઊતરીને ટેકરીએ જતાં હતાં ત્યારે તમારી પાસે એ હતું ?'

'મને યાદ નથી.'

હવે શ્યામલાલ અંકલે પૂછયું, 'એવું તો નથી ને કે તમે ઉપર લઈ જ ન ગયાં હો અને બસમાં જ રહેવા દીધું હોય ?'

મમ્મીએ કહ્યું, 'ત્યાં પણ તપાસ કરાવી. પર્સ ત્યાં પણ નથી. પર્સમાં ઘણી બધી કામની વસ્તુઓ હતી. આધારકાર્ડ, પાનકાર્ડ, મોબાઈલ ફોન, એકાદ હજાર જેટલા રૂપિયા. હવે શું થશે ?'

શ્યામલાલે કહ્યું, 'ડોન્ટ વરી ! મળી જશે. આપણે તમારા ફોન નંબર ઉપર ફોન કરી જોઈએ. રિંગ વાગશે તો ખબર પડી જશે.'

મમ્મી પાસેથી નંબર મેળવીને શ્યામલાલે ફોન કરી જોયો. સામેથી રિંગ વાગતી હતી. આજુબાજુમાં તે નહોતું. એમણે બે ત્રણ વાર ફોન કરી જોયો. પછી કહ્યું, 'મને લાગે છે કે તમારૂં પર્સ કોઈએ ચોર્યું નથી. રિંગ સંભળાય છે. એનો અર્થ કે કોઈ જગ્યાએ પડયું હશે. ચોરાયું હોય તો ચોરી કરનાર સૌથી પહેલાં ફોન સ્વિચ ઓફ કરી દેતો હોય છે.'

ટીનુએ મગજ દોડાવવાનું શરૂ કર્યું. એણે મમ્મીના ખભા પર લટકાવેલું પર્સ જોયું તો હતું, તો પછી એ ગયું કયાં ? અચાનક ટીનુને કશુંક યાદ આવતાં પોતાના મોબાઈલની ગેલેરી ખોલી અને મમ્મીના ફોટા તપાસવા લાગ્યો. ઉપર ટેકરી પર તેણે મમ્મીના ફોટા પાડયા હતા, તેમાં જોયું કે પર્સ તો મમ્મીના હાથમાં લટકાવેલું હતું. એક ફોટામાં મમ્મીએ પર્સ ઉતારીને નીચે મૂકયું હતું.

ટીનુએ મમ્મીને કહ્યું, 'આપણે ઉપર ગયાં હતાં ત્યારે તમારૂ પર્સ તમારી પાસે જ હતું અને નીચે આવ્યા પછી તે નથી. એનો અર્થ કે પર્સ ત્યાં જ હોવું જોઈએ.'

ટીનુએ તરત જ બૂમ પાડી, 'ઓટોરિક્ષા !' એક ઓટોવાળો આવીને ઊભો રહ્યો. ટીનુએ મમ્મીને કહ્યું, 'ચાલો, ઝટથી રિક્ષામાં બેસી જાઓ.'

મમ્મી બેસી ગયાં, 'પણ કયાં જવાનું છે ?'

'ટેકરી ઉપર જયાં તમે ફોટા પડાવ્યા હતા.'

'ત્યાં જઈને શું કરવાનું ?'

'શકય છે કે ફોટો પડાવતી વખતે તમે જયાં પર્સ નીચે મૂકયું હતું ત્યાં જ પડયું હોય.'

ટેકરી ઉપર વધુ ભીડ નહોતી. અને જે જગ્યાએ ટીનુએ મમ્મીનો પર્સ સહિતનો ફોટો પાડયો હતો તે બાજુ લોકોની અવરજવર સાવ ઓછી હતી. બપોરનો સમય હોવાને કારણે લોકો ઓછાં હતાં એટલે પર્સ ત્યાંનું ત્યાં પડયું હતું ! કોઈએ લીધું નહોતું. પર્સ જોઈને મમ્મીનો ચહેરો ખીલી ઊઠયો.

'અરે વાહ ! પર્સ તો અહીયાં છે.'

ટીનુને બાથમાં લઈ કહેવા લાગ્યાં, 'મારો ટીનુ તો ઘણો હોશિયાર છે !'

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. પત્ની પુણ્યશાળી હોય તો તેનો પતિ કદી દુઃખી થાય નહીં.
૨. જેવું મનમાં હોય તેવું બોલો, મન વાણી અને ક્રિયામાં એક બનો.
૩. ઘરમાં લક્ષ્મીને માતા તરીકે રાખશો તો સુખી થશો, અને તેના ધણી થવા જશો તો તે તમને લાત મારશે.
૪. જગતના કોઈ જીવને મળવાની આશા જીવ ન રાખે.
૫. સ્વભાવના આધિન ન બનો. સ્વભાવને તમારે આધીન કરો. ખૂબ સત્કર્મ કરે, જપ ધ્યાન કરો તો સ્વભાવ સુધરશે. સત્સંગથી (સદ્ગ્રંથોના સંગથી) સ્વભાવ સુધશે.
૬. તું તારા મનને પહેલો સુધાર, પછી દુનિયાને સુધારવા જજે. તમારા ચારિત્ર્યથી તમારા અંતરાત્માને સંતોષ થાય તો માનવું કે સ્વભાવ સુધર્યો.
૭. કામીના હાથમાં વેદમંત્રો જાય તો તેનો અર્થ તે પોતાની ઈચ્છાનુસાર કરે છે વેદનો તે અવળો અર્થ કરે છે.
૮. દેવધન, બ્રાહ્મણનું ધન પચાવી પાડવાની ઈચ્છા ન રાખો.
૯. તમારે ઘરે બ્રહ્મચારી આવે તો તેનું સન્માન કરજો.
૧૦. બ્રહ્મચારીઓએ ગૃહસ્થીના સંસારમાં માથું ન મારવું.

## જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પ્રણેતા કોણ હતા ? – સર સૈયદ અહેમદ
(૨) ભારતના લોકોને 'સ્વરાજ' શબ્દની ભેટ કોને આપી ? – દાદાભાઈ નવરોજી
(૩) ભારતના વહાબી આંદોલનનાં પ્રણેતા કોણ હતા ? – સર સૈયદ અહેમદખાન
(૪) કાંગડી ગુરૂકુળના હરિદ્વારના સ્થાપક કોણ હતા ? – સ્વામી શ્રધ્ધાનંદ
(૫) લોકમાન્ય ટિળકે કયા બે પત્રો શરૂ કર્યા હતા ? – મરાઠી કેસરી
(૬) રાષ્ટ્રીય ચળવળના ઈતિહાસમાં કોને પંજાબ કેસરી કહે છે ? – લાલા લજપતરાય
(૭) 'અભિનવભારતી' નામે ક્રાંતિકારી મંડળીની સ્થાપના કોને કરી ? – સુરેન્દ્રનાથ બેનરજી
(૮) ગાંધીજીએ 'સત્યાગ્રહ'નો પ્રથમ પ્રયોગ કયા કર્યો હતો ? – દક્ષિણ આફ્રિકા
(૯) ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી કઈ સાલમાં પાછા ફર્યા હતા ? – ૧૯૧૫
(૧૦) ગાંધીજીએ ભારતના કયા સ્થળે સૌપ્રથમ આશ્રમની સ્થાપના કરી ? – કોચરબ (અમદાવાદ)

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### સૂત્ર બદલાય – યુગ બદલાય

માનવ સમાજ તેની આદિ અવસ્થામાં હતો, ત્યારે તેનું સૂત્ર હતું. 'જીવો જીવસ્ય ભોજનમ્'. યુગો બાદ સામાજિક બન્યો, ત્યારે સૂત્ર હતું. 'જીવો અને જીવવા દો'. હું પણ જીવું, તું પણ જીવે. ફરીથી કાળચક્ર ઘૂમ્યું... માણસ સ્વકેન્દ્રી બન્યો. માત્ર પોતાનો જ વિચાર કરતો થયો અને સૂત્ર આવ્યું. 'હું જીવું મારા માટે !'

## પ્રયોગ – ૪૮
## ફરકડીની બનાવટ

હેતુ : ફરકડી બનાવવી.
સાધન : કાગળ કાતર ટાંકણી વાંચન સળી.
રીત : સૌપ્રથમ ચોરસ કાગળને કાપો. ત્યારબાદ કાગળને વાળી દો. તેને ટાંકણીની મદદથી વાંસની સળી પર લંગાડી દો. ફરકડી તૈયાર. ફરકડીને હાથમાં લઈ પવન આવતો હોય તેવી જગ્યાએ રાખો.
અવલોકન : ફરકડી ગોળ ગોળ ફરવા માટે ઊર્જા પવનમાંથી મળે છે. પવનસાથે ગતિઉર્જા સંકળાયેલી છે. જેના લીધે પવનાનં કાર્યકરવાની ક્ષમતા રહેલી છે. જેને પવન ઊર્જા કહે છે.

પવનચકકી

ઈ.સ. ૬૫૦માં ઈરાનના રાજાએ એક હરિફાઈ જાહેર કરી હતી. હરિફાઈ પવનને બાંધવાની હતી. પવન કેમ બંધાય એને માનવીનો ચાકર કેવી રીતે બનાવાય આ હરિફાઈ અબુલલુલના નામનો એક ગુલામ જીતી ગયો. એણે ચાર પાંખિયાવાળી પવનચકકી નબાવીને પવન વડે દાણા દળવાનું પાણી સીંચવાનું વગેરે કામ કરી બતાવ્યાં. આમ પવનચક્કીની શોધ એશિયામાં થઈ પરંતુ તેનો વધુમાં વધુ ઉપયોગ યુરોપ કયો. ઈસુની ૧૧ સદી સુધીમાં તો યુરોપને ગામડે ગમાડે પવનક્કીઓ પહોંચી ગઈ

**પ્રયોગની પાંખે**
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવત પારેખ





# અદ્રશ્ય સબમરીન ભાગ – ૨

**સુજલની સાહસકથા**
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

''અરે મેસેજનું તો પૂછશો જ નહિ. એ ત્રણે હેલિકોપ્ટરને બદલે પ્લેઈનમાં આવશે એ મેસેજ પણ બે દહાડા પહેલાં મળ્યો, પણ તમારા આગમન વિષે તો કોઈ મેસેજ મળેલ નથી. છતાં તમે એમના ભત્રીજા હો તો...''

''સગા નહિ,'' મેં કહ્યું, ''તમે તો જાણતા હશો કે અંકલનાં અનેક નામોમાં એક બાબુ શેઠ છે. પરંતુ એ નહિ ખબર હોય કે અમારા એક પૂર્વજ દોરીલોટા લઈ મહેલીસ્તાન ગયેલા અને કાળાંધોળા કરી શેઠનું બિરૂદ હાંસલ કરેલું. તેમના આ વંશજ પોતાના બાપદાદાનું ગામ જોવા આવેલા ત્યારે મારા બાપાએ મને નોકરી અપાવી દેવા માટે કહેલું અને અંકલે મને કહ્યું છે કે પહેલાં તું મારૂ આ કામ પતાવી દે, પછી હું તને મહેલીસ્તાનમાં સરસ નોકરી અપાવી દઈશ.''

''ત્યારે તો હવે આપણું મળવાનું ચાલુ રહેશે,'' મોન્ટુ મોશાય બોલ્યા : ''હું ધારૂ છું કે અમારા ત્રણેના મહેલીસ્તાનમાં કાયમી વસવાટ માટેના પાસપોર્ટ તો તૈયાર હશે.''

''બિલકુલ !'' મે હાંકયું, ''અને સોનાની તો ફિકરજ ના રાખશો.''

''મને ખાતરી છે કેપ્ટન નીનો આ બધું જાણી ઘણા ખુશી થશે.''

મોન્ટુએ ઘડિયાળમાં જોતાં કહ્યું, ''જો તમે તૈયાર હો તો આપણે હવે નીકળીએ, બહાર મારી જીપ હાજર છે.''

''હું તો કયારનો તૈયાર છું,'' મેં ઊભા થઈ સોફા પાસે પડેલી મારી સૂટકેસ ઉપાડતા કહ્યું,''આ તો મને એમ લાગ્યું કે તમે અહીં એરપોર્ટની લાઉન્જમાં જ સોદો પતાવવા માગો છો !''

''તમે ભી મિ. સુજલ ભારે મજાકિયા આદમી છો.'' મોન્ટુ મોશાય હસ્યા, ''સબમરીનનો સોદો એરપોર્ટમાં !'' અને હસતા હસતા બહાર નીકળવાના દરવાજા તરફ ચાલવા લાગ્યા. તેથી જ મારા ચહેરા પરના વિસ્મયના ભાવથી અજાણ રહ્યા. મૂંગે મોઢે હું તેમની પાછળ જઈને જીપમાં બેઠો.

જીપની આગલી હરોળમાં અમે બે બેઠેલા અને પાછળના ભાગમાં ત્રણચાર તોતીંગ પારસલો પડેલા, જેમની વચ્ચે મેં મારી સૂટકેસ ગોઠવેલી. મને એક સબમરીન ખરીદવા માટે બેબસન આટલી ધાંધલ મચાવે એ વાત સમજાતી નહોતી. તેથી વાટાઘાટ લંબાવી વિચાર કરવાનો સમય મેળવવા, જેવી જીપ એરપોર્ટમાંથી બહાર નીકળી ત્યારે બોલ્યો : ''તમારી સબમરીન અમારા ધંધામાં કેટલી ઉપયોગી નીવડશે તે ચકાસવા તો દરિયાકાંઠે જ જવું પડે, મારો મતલબ એ હતો કે જો તમારી પાસે તેને લગતા પ્લાન કે નકશા વગેરે હોય તો હું પહેલાં જોઈ જઉં.''

''અરે તમે ચાલો તો ખરા મને ખાતરી છે કે તમારા ધંધામાં એ ખૂબ જ ઉપયોગી થઈ પડશે એવું તમે ચોક્કસ માનશો.''

# અમે નાના હતા ત્યારે અમને ખબર નહોતી



– બટેટાની છાલ ઉતારેલું શાક ખવાય એવી ખબર ન હતી.
– ચીકુની છાલ કાઢીને ચીકુ ખવાય એ ખબર ન હતી.
– દાતણને બદલે ટૂથપેસ્ટ વપરાય એ ખબર ન હતી.
– દાળમાં આદું, મરચાં, કોથમીર આડા આવે એ ખબર ન હતી.
– મન થાય ત્યારે હોટેલમાં જમવા જવાની ખબર ન હતી.
– દરેક પ્રસંગે કપડાંની નવી જોડ જોઈએ એવી ખબર ન હતી.
– રજાઓમાં મામાને ઘેર જવાને બદલે ફરવા જવાય એવી ખબર ન હતી.
– સ્કૂલે વાનમાં કે રિક્ષામાં જવાય એવી ખબર ન હતી.
– પરિવારના દરેક સભ્યનો અલગ બેડરૂમ હોય એ ખબર ન હતી.
– પરિવારના દરેક સભ્યના અલગ અલગ સાબુ, શેમ્પૂ હોય એ ખબર ન હતી.
– પરિવાર કરતાં ફ્રેન્ડ સર્કલ મોટું હોય એ ખબર ન હતી. અને પરિવારના દરેક સભ્યની પ્રાઈવસી હોય એ ખબર ન હતી. જયારે કશી વાતની ખબર નહતી ત્યારે આનંદની અનુભૂતિ હતી, ત્યારે જીવન હતું. અને આજે..? (સ્ત્રોત : ઈન્ટરનેટ)

**બાલ એકસપ્રેસ**
પ્રિન્સીપાલ/ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ કાચા સાહેબ
શ્રી દિપક હાઈસ્કુલ
શ્રી રૂપાયતન સ્કૂલ–અમરેલી
મો.૯૪૦૮૧ ૫૭૦૯૨



# મોંઘુદાટ પર્સ



આ લેડીઝ પર્સમાં નાના–મોટા ૪,૫૧૭ (ચાર હજાર પાંચસો સત્તર) હીરા ટાંકવામાં આવેલા છે. કદાચ વિનું સૌથી મોંઘું આ પર્સ અમેરિકામાં એક લીલામીમાં મૂકવામાં આવેલું અને એની પ્રાથમિક કિંમત ૨૫ કરોડ રૂપિયા જેટલી ઠરાવવામાં આવેલી. લીલામી વેળા ઈચ્છુક ખરીદદારે પ્રાથમિક કિંમતથી ઊંચી બોલી આપવાની હોય છે. (અમે જયાં સમાચાર વાંચ્યા ત્યાં પર્સના મૂળ માલિક કે ખરીદનારનો ઉલ્લેખ નહોતો.)

# આ મારું ચિત્ર છે




દ્રષ્ટી ભાવેશભાઈ (મોટા માંડવડા)
(ધોરણ–૮, મોટા માંડવડા પ્રા.શાળા )



બોરડ દ્રષ્ટી બી.
(ધોરણ–૮, મોટા માંડવડા પ્રા. શાળા)



ખુમાણ ગ્રીષ વાય.
(ધોરણ–૮,રૂપાયતન સ્કૂલ – અમરેલી)



માંડલિયા ઈશા કે.
(ધોરણ–૮, રૂપાયતન સ્કૂલ – અમરેલી)

# અમરેલી : ગજેરા કેમ્પસનાં DLSS ખેલાડીએ ૫૪મી S.G. ની નેશનલ હેન્ડબોલમાં સિલ્વર મેડલ મેળવી રાષ્ટ્રીય લેવલે જિલ્લાનું ગૌરવ વધાર્યુ







અમરેલીતારીખઃ ૨૮જુન થી ૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ૫૪મી સિનિયર બહેનોની નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશિપનું આયોજન કચ્છ–ભુજ, ગુજરાત મુકામે થયું હતું, તેમાં દેશના વિવિધ રાજયોમાંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. જેમાં ગુજરાત રાજયની ટીમમાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલની (DLSS) ખેલાડી ધોરણ–૧૨ વિદ્યાર્થી હડિયા સુમિતાએ પણ ભાગ લીધેલ. ગુજરાતની ટીમ તરફથી લીગ સ્પર્ધામાં તેલગણા, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, ઉતરાખંડને એકતરફી હરાવી ત્યારબાદ પ્રી–ક્વાટર હિમાચલ પ્રદેશ અને ફાઈનલમાં ચંદીગઢ તેમજ સેમી ફાઈનલમાં દિલ્હીને હરાવી અને ફાઈનલમાંપ્રવેશ મેળવ્યો, ફાઈનલસ્પર્ધા પંજાબ પોલીસ સામે ખુબજ સારૂ પ્રદર્શન કરી ઈતિહાસમાં પહેલીવાર ગુજરાતની બહેનોએ સીનીયર લેવલની સ્પર્ધામાં નેશનલ કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. શાળા પરિવાર અનેતેમજ અમરેલી જિલ્લાનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમતગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂ પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી હડિયા સુમિતા, ગુજરાતની હેન્ડબોલ ટીમ, તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર અંશભાઈ પટેલ, કાજલબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## આંતરરાષ્ટ્રીય સહકારી ગઠબંધન

માર્ગદર્શન, તાલીમ તેમજ તેમના મુખ્ય સિંધ્ધાતોમાં સ્વૈચ્છિક અને ખુલ્લા સભ્યપદ, લોકશાહી નિયંત્રણ, આર્થિક સહાય અને ભાગીદારી, સ્વતંત્રતા, શિક્ષણ, તાલીમ, સહકાર વચ્ચે સહકાર, સમાજ પ્રત્યે જવાબદારી પર યુવા સમિતિ અને આઈસીએ ધ્યાન આપે છે. આઈસીએની યુવા પાંખ આફ્રિકા, એશીયા–પેસેફીક, યુરોપ સહિત કુલ–૪ ઝોનમાં વિશાળ વિસ્તારમાં પથરાયેલ છે. તેમના ૮ બંધારણીય સંગઠનો આવેલા છે જેમાં મુખ્યત્વે ખેતિ, બેંકિગ, હેલ્થ, ફિશરી, હાઉસીંગ, ઈન્સ્યુરન્સ, ઉદ્યોગ અને સેવાઓનો સમાવેશ થાય છે. મેન્ચેસ્ટર (યુ.કે.) ખાતે સામાન્ય સભામાં આઈસીએ એશીયા પેસિફિકના અધ્યક્ષ ડો. ચંદ્રપાલસિંહ યાદવ, ઈફકોના મેનેજીંગ ડીરેકટર યુ.એસ. અવસ્થી, માર્કેટીંગ ડીરેકટર યોગેન્દ્રકુમાર, ગુજરાત મહિલા ક્રેડીટ સોસાયટીના અધ્યક્ષ ગીતાબેન સંઘાણી, મનીષભાઈ સંઘાણી સહિત અનેક સહકારી અગ્રણીઓએ હર્ષ સંઘાણીને શુભેચ્છા સાથે આર્શિવાદ આપી ભાવિ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

હવે આઈસીએ બોર્ડના સભ્ય તરીકે પણ સેવા આપશે આ ઘટના માત્ર હર્ષ માટે નહિ પણ સમગ્ર ભારતીફ સહકારી ક્ષેત્ર માટે એક ગૌરવભર્યો ક્ષણ છે.

અમરેલીના યુવા પ્રતિભાની કે, જેમણે રાજકીય ભૂમિકામાં અગાઉ પણ ગુજરાત વિધાનસભામા યુવા એસેમ્બલીમા ભાગ લઈ શ્રેષ્ઠતા પુરવાર કરનાર હર્ષ મુકેશભાઈ સંઘાણી આ પહેલા પણ સ્ટેટ લેવલ પર, રાષ્ટ્રીય સ્તર હોય કે આંતરરાષ્ટ્રીય સ્તર પરની વિવિધ સ્પર્ધાઓ કે મંચ પર તેઓ તેમની નેતૃત્વ શકિતનો પરિચય આપી ચુકેલ છે. આઈસીએની યુવા સમિતિ અધ્યક્ષ તરીકે પસંદગી થવી તે તેમની અદભુત નેતૃત્વ ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના અનુભવોના કારણે શકય બન્યુ છે. રાષ્ટ્ર–દેશ હિત સાથે વૈશ્વિક વિષયો પરના ઘણા બધા પ્રોજેકટમાં ભારતના યુવાનોને વિકાસ માટે જોડયા છે અને વૈશ્વિક સ્તરે અમરેલી ગુજરાત ભારતનું નામ રોશન કર્યુ છે તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ધાણા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ૨ | મગ | ૧૨૭૫ | ૧૩૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૯૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૬૦ |
| ૩ | મગફળી | ૧૦૧૫ | ૧૦૬૫ |
| ૪ | જીરૂ | ૨૮૧૫ | ૩૭૬૫ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૩૫ | ૧૭૬૫ |
| ૭ | તલ કાળા | ૨૫૧૦ | ૩૪૭૦ |
| ૮ | ચણા | ૧૦૫૫ | ૧૧૦૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૦ | ૧૦૬૪ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૩ | શિંગ મોટી | ૭૮૧ | ૧૧૩૧ |
| ૪ | શિંગદાણા | ૧૩૧૦ | ૧૫૪૧ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૯૨૫ | ૧૫૨૦ |
| ૬ | તલ સફેદ | ૧૧૨૫ | ૨૨૦૫ |
| ૭ | તલ કાળા | ૨૩૩૦ | ૩૭૩૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૨૦૦ | ૨૪૧૮ |
| ૯ | બાજરો | ૨૬૧ | ૪૫૦ |
| ૧૦ | જુવાર | ૨૮૫ | ૭૧૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૪૯ |
| ૧૩ | મગ | ૧૦૫૧ | ૧૪૨૪ |
| ૧૪ | અડદ | ૮૮૦ | ૧૨૫૦ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૯ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૯૨ | ૧૦૯૬ |
| ૧૭ | છોલે ચણા | ૧૧૧૧ | ૧૧૧૯ |
| ૧૮ | ચોળી | ૧૬૫૨ | ૧૬૫૨ |
| ૧૯ | તુવેર | ૧૧૦૦ | ૧૨૫૩ |
| ૨૦ | કપાસ | ૮૦૮ | ૧૬૫૬ |
| ૨૧ | એરંડા | ૧૧૬૦ | ૧૩૦૧ |
| ૨૨ | જીરૂ | ૧૯૦૦ | ૪૦૪૫ |
| ૨૩ | ધાણી | ૧૧૨૫ | ૧૩૩૫ |
| ૨૪ | સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| ૨૫ | કાંગ | ૩૨૫ | ૪૮૦ |

## લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા લીલીયા ખાતે વિનામુલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### જરૂરિયાતમંદ ૬૦ દર્દીઓએ લાભ લીધો




અમરેલી, તા. ૪

અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી વીસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૩/૭/૨૦૨૫ને ગરૂવાર સવારે ૯ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા અને લાયન્સ કલબ અમરેલી (સીટી)ના નવનિયુક્ત પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલિયા ધ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી. કેમ્પના આયોજન માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને સેવાભાવી વ્યકિતઓને અભિનંદન આપેલ હતા અને આવી સેવાકીય પ્રવૃતિઓ સતત ચાલુ રહે એવી શુભેચ્છા પાઠવી હતી તેમજ આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લઈ દ્રષ્ટિહીનતા દૂર કરવા અપીલ કરી હતી.

આવા કેમ્પ આયોજનના સફળ અનુસંધાનમાં સહયોગ આપનાર ઉમિયા માતાજી મંદિર સંસ્થાના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા, સુદર્શન નેત્રાલયના ડો. રવિ પરમાર, ડો. વિનુભાઈ ધામત, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ ઋજુલભાઈ ગોંડલીયા, લાયન પ્રા. એમ એમ. પટેલ વગેરેનું સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી (ગીર)ના પ્રમુખ નિધિબેન મહેતા, સેક્રેટરી બીનાબેન ત્રિવેદી, રાધિકાબેન ગોલ, નીનાબેન આચાર્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, ૫ડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાંત ડો. રવિ પરમાર અને તેની ટીમ ધ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૬૦ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૫ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગરનું નિરીક્ષણ કરવામાં આવેલ હતુ. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૧૩ વ્યકિતઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. નિયમિત રીતે ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલાં ગુરૂવારે આંખના નિષ્ણાંત ડોકટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, તળશીભાઈ ધામત, વશરામભાઈ ધામત, પ્રકાશભાઈ સેખલિયા, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયા, પૂર્વ પ્રમુખ લાયન પ્રા. એમ. એમ. પટેલ, લાયન રમેશભાઈ ગોલ, લાયન વિનુભાઈ આદ્રોજા તેમજ રાજવીર આનંદભાઈ રાઠોડ, પ્રકાશભાઈ આચાર્ય અને સુદર્શન નેત્રાલય તરફથી નિલેશભાઈ ભીલ અને કમલેશભાઈ ધોરડાની ટીમ તેમજ દુષયંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ ધ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી તરફથી લાયન પરેશભાઈ કાનપરીયા જણાવે છે.

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૯૭/૨૦૨૫
તા.૨૬/૦૬/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) પાંડવ ભીખાભાઈ ખીમજીભાઈ, રહે.મેરીયાણા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી

**એડવોકેટ : કેતનભાઈ બી. ખુમાણ, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મેરીયાણા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પાંડવ ભીખાભાઈ ખીમજીભાઈની પુત્રી **શારદાબેન ભીખાભાઈ પાંડવનો જન્મ તા. ૦૧/૧૧/૧૯૭૮ના રોજ મુ. મેરીયાણા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૩૦ | ૧૦૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૪૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૧૦૦ | – |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૩૧ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૭૨૫ |
| ૭ | જીરૂ | ૩૨૦૦ | ૩૭૦૦ |
| ૮ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૫૦૯ |
| ૧૨ | જુવાર | ૪૨૦ | ૭૫૦ |
| ૧૩ | મગ | ૧૧૫૦ | ૧૩૬૮ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૨૫ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ૧૬ | એરંડી | ૧૧૫૦ | ૧૩૦૨ |
| ૧૭ | મેથી | ૮૦૦ | – |
| ૧૮ | રાય/રાયડો | ૧૦૦૮ | – |
| ૧૯ | ધાણા | ૭૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | સોયાબીન | ૭૧૦ | ૭૭૭ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૫૮ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૯૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૭૦ |
| ૪ | જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૬૫ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૭ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૮ | મગફળી | ૯૦૫ | ૧૦૦૦ |
| ૯ | તલ સફેદ | ૧૧૯૦ | ૧૦૩૦ |
| ૧૦ | સોયાબીન | ૬૮૦ | ૭૮૫ |
| ૧૧ | મગ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | તલ કાળા | ૨૫૦૦ | ૨૭૫૦ |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૭ | ચોળી | ૮૦૦ | ૧૩૦૦ |
| ૧૮ | જીરૂ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૯ | અડદ | ૧૩૨૦ | ૧૩૨૦ |

''અમરેલી એક્સપ્રેસ''

**અમારૂ ઈ–મેઈલ એડ્રેસ**

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ

**amreliexpress7@gmail.com**

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## અમરેલી : સરકારી વકીલ એસ.પી. મન્સુરીને નિવૃત્તિ વિદાય અપાયુ



અમરેલી, તા. ૪

અમરેલી ડિસ્ટ્રીક કોર્ટ પર સરકારી વકીલ તરીકે સેવા આપી એપીપી એસ.પી. મન્સૂરીને વકીલો દ્વારા વિદાય આપવામાં આવેલ. આ તકે જિલ્લા મુખ્ય સરકારી વકીલ જયેન્દ્રભાઈ રાજયગુરૂ તથા મમતાબેન ત્રિવેદી તથા સેકેટરી જેઆર વાળા તથા વિમલભાઈ ભટ્ટ તથા વિવેકભાઈ રાજયગુરૂ ઉપસ્થિત રહેલ.

પાના ૧ ઉપરનું ચાલું
## કુંકાવાવ પંથકમાં ૩૨૫ લાખનાં

તાલુકા પંચાયતનું લોકાર્પણ થવાથી તાલુકાના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ, યોજનાઓ તથા જરૂરી દસ્તાવેજો વધુ સરળતાથી પ્રાપ્ત થઈ રહેશે તેમજ અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે એ વાતને પ્રાધાન્ય આપી આધુનિક સુવિધાઓથી સજજ પંચાયત ભવન તૈયાર થતા હવે દરેક કામ ઝડપથી અને ઓનલાઈન થશે તેમજ પ્રજાજનોને મોટી રાહત થશે. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા મહેમાનો અમરેલી જિલ્લાના લોકલાડીલા સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ જીલ્લા વિકાસ અધિકારી પંડયા તેમજ બગસરા નાયબ કલેકટર (પ્રાંત અધિકારી) નંદા તેમજ મોટી કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી ફોજી, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી તેમજ તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હિરપરા, ઉપપ્રમુખ ગીતાબેન એમ. હપાણી તેમજ સોમીબેન એલ. સોલંકી, કૈલાશબેન પી. માંગરોળીયા, વિપુલભાઈ વી. રાંક, રાધિકાબેન પી. ગણાત્રા, કુંકાવાવ મોટી તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતનાં તમામ સદસ્યો તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તાલુકા ઉપપ્રમુખ હરિભાઈ તેરૈયા અને ગોપાલભાઈ અંટાળા, ઉદયભાઈ દેસાઈ, મોટી કુંકાવાવ ગ્રામ પંચાયતની ટીમ, કુંકાવાવ ગામમાંથી ગ્રામજનો, તાલુકાના તમામ ગામોના સરપંચો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૯૮/૨૦૨૫
તા.૨૬/૦૬/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) કથીરીયા બાલાભાઈ કેશવભાઈ, રહે.નેસડી, તા.સાવરકુંડલા, જિ. અમરેલી

**એડવોકેટ : કેતનભાઈ બી. ખુમાણ, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કથીરીયા બાલાભાઈ કેશવભાઈની પુત્રી **કથીરીયા ગીતાબેન બાલાભાઈનો જન્મ તા. ૧૬/૦૬/૧૯૮૮ના રોજ મુ. નેસડી, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૭૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૦૧૫ | ૧૬૨૮ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૪ | બાજરો | ૩૫૧ | ૪૭૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૫૦ |
| ૬ | જુવાર | ૪૦૧ | ૮૪૦ |
| ૭ | મગ | ૧૨૦૧ | ૧૪૭૮ |
| ૮ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | ચણા | ૯૦૧ | ૧૧૦૮ |
| ૧૦ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૧ |
| ૧૧ | મેથી | ૭૫૦ | ૭૬૧ |
| ૧૨ | સોયાબીન | ૬૯૦ | ૭૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૪૭૦ |

## રાજુલા, જાફરાબાદ, બાબરા, લાઠી, ખાંભા, ધારી સહિત મળી

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વ્યાપક વરસાદ

ક્યાંક હળવા ઝાપટા તો ક્યાંક ભારે વરસાદ પડતા ઠેર-ઠેર પાણી ભરાયા

જરખીયા ગામની સ્થાનિક નદીમા પાણીનુ પુર આવ્યુ

અનેક ખેતરોમાં સતત વરસાદથી પાણી ભરાતા જગતાત વરાપની રાહમાં

સતત વરસાદ પડશે તો ખેતી કાર્યમાં મુશ્કેલી ઉભી થવાની દહેશત



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં અવિરત મેઘકૃપા વરસી રહી છે. આજે રાજુલા, જાફરાબાદ, ખાંભા, લાઠી, બાબરા, ધારી, અમરેલી સહિતનાં વિસ્તારોમાં હળવાથી લઈને ભારે વરસાદનાં વાવડ મળી રહયા છે.

રાજુલા ઉપરાંત ડુંગર, કુંભારીયા, છતડીયા, હિંડોરણા તેમજ જાફરાબાદનાં કોસ્ટલ વિસ્તારમાં અને કડિયાળી, મીતીયાળા, નાગ્રેશ્રી, હેમાળ, ટીંબી સહિતનાં ગામોમા વરસાદ પડેલ છે.

ધારીના ઝર, મોરઝર, હુડલી, છતડીયા સહિતનાં ગામો ઉપરાંત બાબરા અને લાઠી પંથકમાં વરસાદનાં વાવડ મળી રહયા છે. તો જરખીયા ગામની સ્થાનિક નદીમાં પુર આવ્યાનુ પણ જાણવા મળેલ છે. તો અમરેલી પંથકમાં પણ દિવસભર હળવાથી લઈને ભારે ઝાપટા પડી ગયા છે.

અમરેલી જિલ્લામાં વડીયામાં-૮, બાબરામાં-૧૯, લાઠીમાં-૧૭, લીલીયામાં -૧૬, ધારીમાં-૧૦, સાવરકુંડલામાં-૬, ખાંભામાં-૩૦, જાફરાબાદમાં-૮ અને રાજુલમાં-૨૨ મીમી વરસાદ નોંધાયો છે.

---

### જિલ્લા ભાજપા પ્રમુખ અતુલ કાનાણીની રજુઆત

## ચલાલાથી ગોપાલગ્રામ સુધીનાં બિસ્માર માર્ગને નવો બનાવો

### મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

ધારી, તા. ૪

ધારી તાલુકાના ગોપાલગ્રામ થી ચલાલા સુધીનો સાત કિલોમીટર નો રોડ ઘણા ટાઈમથી એકદમ જર્જરીત ખાડા ખૂબડ વાળો થઈ ગયો હોવાથી વાહન ચાલકો. ચલાલા થી ગોપાલગ્રામ ફરજ પર જતા કર્મચારીઓ. તેમજ મીઠાપુર ડુંગળી ના ખેતર વાડી વાળા માલિકો ને ભારે મુશ્કેલી પડી રહી છે.

ઘણા ટાઈમથી ગોપાલ ગામના લોકો એ તંત્રને અને લોક પ્રતિનિધિને વારંવાર રજૂઆત કરવા છતાં આ રોડ નું સમારકામ થાતુ નહોતું. જેથી આ જર્જરીત રોડના સમાચારો ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયામાં વારંવાર પ્રસિદ્ધ થતા હતા. આ જર્જરીત રોડની સમસ્યા ને ગંભીર ગણી જિલ્લા ભાજપના અતુલભાઈ કાનાણી એ ગોપાલ ગ્રામના લોકોની મુશ્કેલી દૂર



કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને અને રાજયના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા ને વિગતવાર લેખિત રજૂઆત કરી ચલાલા થી ગોપાલગ્રામનો સાત કિલોમીટર નો રોડ તાત્કાલિક પણે મંજૂર કરી નવો બનાવવામાં આવે તે ખૂબ જ જરૂરી હોય તેથી વહેલી તકે ચલાલાથી ગોપાલગ્રામનો રોડ નવો બની જાય તેવી લેખિત રજૂઆત કરતા ગોપાલગ્રામ ના લોકોને હવે ટૂંક સમયમાં નવો રોડ બની જવાની અને ગ્રામજનોની મુશ્કેલી દૂર થવાની આશા બંધાણી છે. અને લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે

---

### ગૌરક્ષણ પાંજરોપોળમાં

## વિસાવદર ખાતે રાજયગુરૂ પરિવાર દ્વારા ગાયોને રોટલા આપવામાં આવ્યા

### પુત્ર જન્મ નિમિતે કરાયુ સેવાકાર્ય

રાજુલા, તા. ૪

રાજુલાના હિંમતભાઈ વેણીશંકર રાજયગુરૂના પરિવારના ચિ. હર્ષ શશિભાઈ રાજયગુરૂ તથા ચિ. નિરાલી ને ઘરે પુત્ર જન્મ થતા વિસાવદરના ગૌરક્ષણ પાંજરાપોળ ખાતે તા. ૫/૭/૨૫ ને શનિવારના રોજ તેની ખુશાલી નિમિત્તે ગૌશાળાની ગાયો ને અગીયારસો જેટલા રોટલા જમાડવાનુ આયોજન રાજયગુરૂ પરિવાર ધ્વારા કરેલ છે. ગૌશાળાની ત્રણસો સીત્તેર જેટલી ગાયો ને રોટલા ખવડાવી ને પુત્ર જન્મની ઉજવણી કરવામા આવી રહી છે. આ નીમીત્તે વિસાવદરના બ્રમહસમાજ અગ્રણી સ્વ. વિજયભાઈ ભટ્ટની પ્રેરણા પણ નિમિત્ત બની છે. વિસાવદર ગૌશાળા મેનેજર શૈલેષભાઈ જોષી એ આ પગલા ને સનાતન ધર્મના પાયાના જીવદયાના સિધ્ધાત ને પરિવાર અનુસરતો હોવાનુ જણાવ્યુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે સનાતન ધર્મમા પુણ્ય ને ખુબ મહત્વ આપવામા આવ્યુ છે. સનાતન ધર્મના પાંચ પુણ્યોમા ગાયો ને ઘાસચારો, કૂતરાને રોટલો, પંખીને ચણ, કિડીનુ કિડિયારૂ પુરવુ અને માછલી ને ખોરાક નાખવાનો ખુબ મહત્વ છે. જેમા ગાયો ને ચારો નાખવાનુ પુણ્ય ઉત્તમ ગણાયુ છે. વડીલોના પુણ્ય થકી માણસ સુખી થાય છે. એવી એક કહેવત છે. આવનારી પેઢી ને વારસામા પુણ્ય આપવા સનાતન ધર્મમા દર્શાવેલા પુણ્યો કરવા રહ્યા. રાજુલાના રાજયગરૂ પરિવાર ધ્વારા ગાયો ને રોટલા જમાડી ને આવતી પેઢી ને વારસામા પુણ્ય આપવાનો અભિગમ સમગ્ર સમાજ ને રાહ ચિન્ધે એવો છે. હાલના સમયમા જન્મ દિવસ પાશ્ચયાત સંસ્કૃતિ મુજબ ઉજવાતા થયા છે. ત્યારે સનાતનના મૂલ્યો સચવાય તેવી ઉજવણીઓના આયોજનો કરવા યોગ્ય ગણાશે.

વિસાવદર પાંજરાપોળ ખાતે ભટ્ટ પરિવારના સંજયભાઈ ભટ્ટ, જીતુભાઈ ભટ્ટ, રાજુભાઈ ભટ્ટ, મૌલિકભાઈ ભટ્ટ, કૌશલભાઈ ભટ્ટ, ભૌતિકભાઈ ભટ્ટ, સૌરભભાઈ ભટ્ટ, હર્ષભાઈ રાજયગુરૂ, ડો. હાર્દિકભાઈ જોષી, હિતભાઈ પંડયા, મેહુલભાઈ જોષી, આયોજન કરી રહ્યા છે.

---

### ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમતથી

## સાવરકુંડલા-લીલીયા પંથકમાં રૂપિયા ૧૦.30 કરોડના નવા માર્ગો મંજુર થયા

### રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો આભાર માન્યો

સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા ક્ષેત્રના વિકાસમાં વધુ એક સીમાચિહન ઉમેરાયું છે. જનપ્રતિનિધિ મહેશભાઈ કસવાલાના અથાક પ્રયાસો અને કુનેહને કારણે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. ૧૦.૩૦ કરોડના ખર્ચે નવા માર્ગોના નિર્માણ માટે મંજુરી મળી છે. આ વિકાસ કાર્યોમાં લીલીયા અને સાવરકુંડલા તાલુકાના મહત્વપુર્ણ રસ્તાઓનો સમાવશે થાય છે. જેમાં લીલીયા તાલુકાના વિકાસ માટે સનાળિયા-ટીંબડી રોડ ૫.૫૦ કી.મી. લંબાઈ રૂ. ૫.૦૦ કરોડ તેમજ સાવરકુંડલા તાલુકા વિકાસ માટે મેરિયાણાથી વનાળા રોડ ૧.૮૦ કી.મી. રોડ રૂ. ૨.૦૦ કરોડ, નેસડીથી ચરખડીયા રોડ ૫.૦૦ કી.મી. રોડ રૂ. ૨.૦૦ કરોડ અને ખોડિયાણાથી બગોડા રોડ ૧.૦૦ કી.મી. રોડ રૂ. ૧.૩૦ કરોડ ખર્ચે બનવા મંજુરી મળેલ છે. આ મંજુર થયેલા રસ્તાઓથી સાવરકુંડલા- લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં આંતરમાળખાકીય સુવિધાઓ વધુ મજબુત બનશે અને સ્થાનિક નાગરિકોને સુગમ પરિવહનનો લાભ મળશે. આ મંજુરી બદલ ધારાસભ્ય રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સાવરકુંડલા- લીલીયાની જનતા વતી હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

---

### રૂપિયા ૨૦ લાખ મળતા હોય તેનુ પણ દાન કરી દીધુ

## સાવરકુંડલામાં મુસ્લિમ યુવકે હિન્દુ વૃધ્ધાની જીવનપર્યત સગી માતાની જેમ સેવા કરી





સાવરકુંડલા, તા. ૪

માનવતાના સર્વ શ્રેષ્ઠ ઉદાહરણ સમો કિસ્સો સાવરકુંડલા ખાતે બનવા પામેલ છે. કોમી એકતાનું જબરૂ ઉદાહરણ તો ખરૂ જ પણ લોહીનાં સંબંધોને પણ પાછળ રાખી દે તેવું જીવન જીવી બતાવ્યું છે, સાવરકુંડલાનાં મુસ્લિમ યુવાન ઈમરાન હિંગોરાએ.

આ સમગ્ર બનાવની હકીકત એવા પ્રકારની છે કે થોડા વર્ષ પહેલાં લોહાણા સમાજનાં માજી જયોતિ બેન ત્રિભોવનદાસ માધવાણી આઝાદ ચોકમાં મેમણ ઈમરાન હિંગોરાની દુકાન પાસે અચાનક પડી ગયા હતાં. ત્યારે તાબડતોપ મુસ્લિમ યુવાન ઈમરાન હિંગોરા જયોતિબેન માધવાણીને દવાખાને લઈ ગયો હતો, ત્યાર પછીથી ઈમરાન હિંગોરાને જયોતિબેન સાથે કુદરતી માતા જેવો લગાવ બંધાઈ ગયો જેથી એ માનવતા અને નિસ્વાર્થ ભાવે જયોતિબેનની સેવા ચાકરી કરવા લાગ્યો અને જયોતિબેન માધવાણીને પણ મુસ્લિમ યુવાન ઈમરાન હિંગોરા ઉપર વિસ આવી ગયો એટલે ઈમરાન હિંગોરાનો રોજનો ક્રમ થઈ ગયો જયોતિબેનને માં સમાન સમજી દવાખાને લઈ જવા હોય કે અન્ય વ્યવહારિક કામ હોય ત્યારે હંમેશા માજી સાથે ઈમરાન તો સાથેને સાથે હોય. આ લોહાણા વૃદ્ધા પણ ઈમરાન હિંગોરાને દીકરાથી વિશેષ માનવા લાગ્યા એટલે જયોતિબેનને સારા નસરા પ્રસગો હોય વાર તહેવાર હોય ત્યારે ઈમરાનને યાદ કરે આવી રીતે ઈમરાને જયોતિબેન માધવાણીની સતત પાંચ વરસ સેવા કરી અને માજી પાસે પોતાની મરણ મૂડી રૂપિયા ૨૦ લાખ હતા તે રૂપિયા જયોતિબેન બેંકમા જમાં કરાવવા ગયા ત્યારે બેંક મેનેજરે માજીને વારસદારનું નામ લખાવવા કહ્યું ત્યારે જયોતિબેન માધવાણીએ નામ આપ્યું કે મારો વારસદાર ઈમરાન હિંગોરા છે..! ત્યારે બેંકના મેનેજર મુસ્લિમનું નામ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા લોહાણા સમાજની મહિલા અને વારસદાર તરીકે મુસ્લિમ યુવાન....!

આવી રીતે ચાર પાંચ વર્ષથી માં દીકરાની જેમ જયોતિબેન માધવાણી ઈમરાન હિંગોરા રહેતા હતા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ માજીની તબિયત બગડતી ગઈ, પરંતુ ઈમરાન માજીની સતત સેવા કરતો રહ્યો. અને અંતે ના તંદુરસ્ત તબિયત કારણે જયોતિબેન માધવાણી થોડા દિવસો પહેલાં અવસાન પામ્યા ત્યારે ઈમરાન પોક મૂકી મુકીને રડયો. અંતિમ સમયે જયોતિબેન માધવાણી એ પોતાને તેનાં હાથે જ અગ્નીની દાહ આપવાનું ઈમરાનને કહેલ ત્યારે સ્મશાને માજીને લઈ જવા મા આવ્યા ત્યારે સવાલ થયો કે, માજીને અગ્નિ દાહ કોણ આપશે ? ત્યારે વિના વિલંબે મુસ્લિમ યુવાન ઈમરાન આગળ આવી પોતાના હાથે મુખાગ્નિ આપ્યો ત્યારે હાજર તમામની આંખો ભીની થઈ ગઈ. એટલું જ નહિ પરતુ તમામ પ્રકારની હિન્દુ ધર્મ મુજબ વિધિ પણ ઈમરાન હિંગોરાએ કરી. અરે માજીનાં અસ્થિ પણ જૂનાગઢ પધરાવવા ગયો. બેસણું પણ રાખ્યું.

માજી એ બેંક મા મૂકેલા રૂપિયા ૨૦ લાખનો વારસદાર તો ઈમરાન જ હતો પરંતુ છેલ્લા પાંચ વર્ષ ઈમાનદારી પૂર્વકની સેવાને દાગ ન લાગે તે માટે ઈમરાને રૂપિયા ૧૦ લાખ સાવરકુંડલામાં નિરાધાર લોકોને તદ્દન નિઃશુલ્ક ભોજન આપતી સંસ્થા વીરબાઈમા ટિફિન સેવા ટ્રસ્ટને આપ્યા તેમજ હજુ પણ બાકીની રકમ અન્ય સેવાકીય સંસ્થાને આપવા ઈચ્છે છે આ બાબતે માજીની સેવા કરનાર ઈમરાન એવું માને છે કે, ૨૦ લાખ નો માલિક હું થોડો છું...?!મે તો માજીની સેવા જ કરી હતી એ પણ કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર એટલે હું આ રૂપિયા રાખું તો માજીની કરેલ સેવા એળે જાય. મને દીકરો માનનાર જયોતિબેન માધવાણીના આત્માને શાંતિ મળએ માટે તેમના પૈસાનું દાન કરૂ છું.

વર્તમાન સમયમાં સંબંધો એ વિસ અને ભરોસો ગુમાવી દીધો છે અને સરેઆમ સંબંધોના ખૂન થાય છે ત્યારે ખારા રણમાં મીઠી વીરડી સમાન આ કિસ્સો હૈયે ટાઢક પ્રસારવાનું કામ ચોક્કસથી કરે છે.

---

### બહુજન સમાજ પાર્ટીનો ચોંકાવનારો આક્ષેપ

## અમરેલી જિલ્લામાં અધોગતિ માટે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષ જવાબદાર

અમરેલી, તા. ૪

અમરેલીનાં બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ જીવરાજભાઈ પરમારે એક નિવેદનમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાના સમયગાળા દરમ્યાન અમરેલી જિલ્લાનો વિકાસ થયો હતો. જેમાં રેલ્વે, સરકારી હોસ્પિટલ વિગેરેનો વિકાસ થયેલ હતો. પરંતુ છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓ તથા રાજય સરકાર સુધી ભાજપનું શાસન છે પરંતુ ડો. જીવરાજ મહેતાના સમય બાદ અમરેલી જિલ્લાના લોકોની સુવિધામાં વધારો થવો જોઈએ તે વધારો થયેલ નથી અને ઉલટાનુ તમામ જાહેર રસ્તાઓમાં મોટા મોટા ખાડાઓ પડી ગયેલ છે.

અમરેલી માર્ગ મકાન વિભાગ તથા અમરેલી નગરપાલીકાનાં બુધિશાળી અધિકારી પદાધિકારીઓએ અમરેલી શહેરમાં સર્કિટ હાઉસની સામે ચોમાસા દરમિયાન ગટરનુ કામ શરૂ કરી, લોકોની અવર જવરમાં ભારે મુશ્કેલી સર્જી છે. બંને તરફના વાહનો એક જ બાજુ ચાલતા હોવાથી નાના મોટા અકસ્માતો થાય છે.

અમરેલી જિલ્લામાં ભાજપ સરકાર શાસનમાં દરેક ઓફિસમાં બેફામ ભ્રષ્ટાચાર વધી ગયેલ છે નાના માણસો સરકારી ઓફીસમાં ધકકા ખાઈને થાકી જાય છે. ત્યારે અમરેલી ઓફીસોમાં રાત દિવસ પડયા રહેતા દલાલાનો સહકાર મેળવવો પડે છે ત્યારે જ આગળ કામ થાય છે. જેમાં અમરેલી મામલતદાર ઓફીસ, ડી.એલ.આર. કચેરીમાં ખેડુતો પૈસા આપે તો જ કામ થાય છે.

આમ, અમરેલી જિલ્લાના વિકાસમાં ભાજપ કોંગ્રેસના આગેવાનો નિષ્ફળ ગયેલ હોય, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નો પક્ષ બહુજન પાર્ટી હોય, બહુજન પક્ષમાં લોકો બહોળી સંખ્યામાં જોડાય તેવો અનુરોધ કરવામાં આવેલ છે.

---

### જીવન જયોતિ વીમા યોજના અંતર્ગત સહાય

## સનાળીયા ગામનાં ખેડૂત ખાતેદારનુ અવસાન થતાં વારસદારને ચેક અર્પણ

લીલીયા મોટા, તા. ૪

અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લીલીયા શાખામાં યોગેશભાઈ રમેશભાઈ ગોહિલ રે.સનાળીયા લીલીયા શાખાના એકા. ધારક હોય જેમનું પ્રધાનમંત્રી જીવનજયોતી વીમા યોજના સાથે જોડાયેલા હોય જેમનું મૃત્યુ નીપજતાં તેમના પરીવારજનોને તેઓને સદર ખાતેદારના ખાતા અને વીમા અંગેની કોઈ જાણ નહોતી ત્યારે લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર જીતુભાઈ વઘાસીયા દ્વારા તેઓને સંપર્ક કરી તેઓને ગુજરી જનારના ખાતા અને તેઓની વીમા યોજનાની જાણ કરી અને કાગળો મેળવી તેઓની તા. ૨૬/૬/૨૫ના રોજ અરજી મેળવી ઉપરોકત વીમો અપાવવા માંટેની તમામ પ્રક્રીયા તેમને સાથે રાખી કરતાં તા. ૩/૭/૨૫ના રોજ ફકત આઠ જ દીવસની અંદર તેમના વારસદાર લીલીબેન રમેશભાઈ ગોહીલના બચત ખાતામાં રૂા.૨૦૦૦૦૦/- જમા આવી ગયેલ છે. આજી સરાહનીય કામગીરી કરવા બદલ બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા બેંકના જનરલ મેનેજર (સી.ઈ.ઓ.) બી.એસ. કોઠીયા, લીલીયા તાલુકાના સીનીયર ઓફીસર મનીષભાઈ ધાનાણી, લીલીયા શાખાના બ્રાન્ચ મેનેજર જીતુભાઈ વઘાસીયા, ભૌમીકભાઈ ભુવા, જયભાઈ રામાણી તેમજ લીલીયા શાખાના સમગ્ર સ્ટાફનો આભાર વ્યકત કરવામાં આવેલ.

---

### ભાવનગરના સિહોરમાં ભાજપમાં ભડકો

## ભાજપના શાસનમાં ભાજપના જ નગરસેવકો લાચાર બન્યા

### કામ ન થતાં હોવાના બળાપા સાથે મહિલા કાઉન્સિલરનું રાજીનામું

ભાવનગર,તા.૪

ભાવનગરની સિહોર નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા બાદ આંતરિક વિખવાદનો વિવાદ થંભવાનું નામ જ લેતું નથી. ભાજપના જ શાસનમાં ભાજપના જ નગસેવકો પોતાના વોર્ડમાં કામ કરાવવા લાચાર બન્યા છે. આ તમામ પ્રશ્નોથી કંટાળેલા મહિલા નગરસેવિકાએ સભાસદ પદેથી રાજીનામું આપતા રાજકીય ભૂકંપ સર્જાયો છે.

સિહોરના વોર્ડ નં.૫ના નગરસેવિકા ઈન્દુબેન એમ. સોલંકીએ ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખ અને સિહોર ચીફ ઓફિસરને વોર્ડ નં.૫ના સભાસદ પદેથી રાજીનામું ધરી દીધું હતું. તેમણે એવો બળાપો ઠાલવ્યો હતો કે, મરા મતવિસ્તારમાં આઠ-આઠ દિવસ થવા છતાં ડોર-ટુ-ડોર કચરાની ગાડી આવતી નથી. સફાઈ કામદારો પણ સફાઈ કરવા ડોકાતા નથી. ગટર ઉભરાવવાની અને પાણીની સમસ્યા કાયમી છે. આ બાબતે અનેક વખત રજૂઆત કરવા છતાં એકપણ પ્રશ્નનો હલ થતો નથી.'

સણસણતા આરોપ લગાવતા ઈન્દુબેન એમ. સોલંકીએ કહ્યું હતુ કે, 'લગાવ્યો વધુમાં તેમના વિસ્તારમાં કોઈપણ જાતની ગ્રાંટના કામ શરૂ થયા નથી. ગટર લાઈન પ્રોજેક્ટનો સવાલો ઊઠાવ્યો ન હોવા છતાં મારા નામે ઉપરી કક્ષાએ ખોટી રજૂઆત કરી બદનામ અને અપમાનિત કરવામાં આવી છે. નોંધનીય છે કે, બે દિવસ પહેલા વોર્ડ-૧ ના મહિલા નગરસેવિકાએ પણ રાજીનામું આપવા તૈયારી દર્શાવી હતી. પરંતુ સંગઠનના મનામણાં બાદ રાજીનામું આપવાનું મુલતવી રાખ્યું હતું.

# એડવોકેટ કેતનભાઈ ખુમાણની વ્યાપક દલીલોનાં આધારે ખેડૂતોને ન્યાય અંતે મોટા ઝીંઝુડા ગામે બંધ થયેલ માર્ગ મોકળો થયો

**આદિત્ય બિરલા સોલાર પ્લાન્ટ કંપની દ્વારા ૨ વર્ષથી માર્ગ બંધ કરાયો હતો**

**તાલુકા મેજીસ્ટ્રેટ અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ સમક્ષ કેસ ચાલી જતાં અંતે માર્ગ ખુલ્લો**

**ખેડૂતોને વાડીએ જવામાં ઉભી થયેલ અડચણ દૂર થતાં સૌ કોઈમાં હાશકારો**

**એડવોકેટે અલગ-અલગ ૪ ઓર્ડર કરાવીને ખેડૂતોને ન્યાય અપાવ્યો**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ગામે આદિત્ય બિરલા પ્લાન્ટ દ્વારા ૨ વર્ષથી ખેડૂતોનો બંધ કરાવામાં આવેલ રસ્તો આખરે કોર્ટનાં ઓર્ડર બાદ ખોલવામાં આવ્યો.

મામલતદાર કોર્ટ એકટની કલમ (૫) પાંચ મુજબ મામલતદારની કોર્ટ તેમજ ડેપ્યુટી કલેકટરની કોર્ટ દ્વારા ખેડૂતોનો રસ્તો ખોલી આપવાનો ઓર્ડર કરવામાં આવ્યો. ખેડૂતોના એડવોકેટ તરીકે કેતનભાઈ ખુમાણ રોકાયેલા હતા. એડવોકેટ કેતનભાઈ ખુમાણે તેમની કાયદાકીય તજજ્ઞતા દ્વારા નોંધપાત્ર આદિત્ય બિરલા કંપની સામે અલગ અલગ ચાર વખત ખેડૂતો તરફેણમાં ઓર્ડર કરવી ખેડૂતોને ન્યાય અપાવ્યો.

કોર્ટનાં હુકમનું પાલન કરાવી કંપની દ્વારા રસ્તામાં કરેલ દબાણ નાયબ મામલતદાર કાતરીયા દ્વારા દૂર કરાવી રસ્તાને ખુલ્લો કરાવવામાં આવ્યો. આશરે ત્રણ વર્ષથી ખેડૂતોને જીવના જોખમે નદીમાંથી ચાલી પોતાના ખેતરે જવું પડતું હતું. રસ્તો ખુલતા ખેડૂતો દ્વારા સત્યમેવ જયતેના નારા બોલાવવામાં આવ્યા.

Sheetal
July Bites, Student Vibes!
Special Offer
10% OFF
બધા વિદ્યાર્થીઓ માટે ફ્લેટ ૧૦% ડિસ્કાઉન્ટ
મિનિમમ બિલ : ₹૧૯૯/-
ઓફર માન્ય : 31 જુલાઈ
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરન્ટ

## ધારી ખોડીયાર ડેમમાંથી વૃધ્ધ વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો



ચલાલા, તા. ૪

ધારી પ્રખ્યાત ખોડીયાર ડેમ પાસે ધારીનાં બગીચા પાસે રહેતા વનમાળીદાસ આમલછેડા (ઉ.વ. ૭૫) ની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામેલ છે. આમ પણ ખોડીયાર ડેમ જાણે આપધાત કરવાનું સ્થળ હોય તેમ લાગી અને આપધાત કરનારાઓ માટે પસંદગીનો સ્થળ હોય અવારનવાર અહી આપધાતના બનાવો પણ બને છે. ઘટનાની જાણ જ ધારી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને લાશને પીએમ માટે સરકારી દવાખાને મોકલવામાં આવી હતી. ધારી પોલીસ દ્વારા આ બાબતને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ભાવપૂર્ણ શ્રધ્ધાસુમન
સ્વ. કુલદીપભાઈ વિનોદરાય ભટ્ટ
(એડવોકેટ)
સવંત ૨૦૮૧, સ્વ.તા.૨૫-૦૬-૨૦૨૫, બુધવાર, મુ. બાબરા
સ્નેહના સાગર સમા હર કોઈને પોતાનાં ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઉર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવ વાળા આપના દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.....
લી.
રાધેશ્યામ જીનિંગ પ્રે. પ્રા. લી. - બાબરા
રાધેશ્યામ ઈન્ડસ્ટ્રીઝ - બાબરા
રાધેશ્યામ કોટસ્પીન પ્રા.લી. - બાબરા
રાધેશ્યામ ગ્રૂપ - બાબરાના જયશ્રી કૃષ્ણ
મુ.બાબરા, તા.બાબરા, જિ. અમરેલી.

પુષ્પાંજલિ સહ શ્રધ્ધાસુમન
સ્વ. કુલદીપભાઈ વિનોદરાય ભટ્ટ
(એડવોકેટ)
સવંત ૨૦૮૧, સ્વ.તા.૨૫-૦૬-૨૦૨૫, બુધવાર, મુ. બાબરા
શ્રધ્ધાસુમન રૂપી પુષ્પાંજલિ અર્પણ કરીએ તો આંસુ સરે છે, તસ્વીર આપની જોતા હૈયુ રડી ઉઠે છે. ભગવાન સદાશિવ ભોળાનાથ દિવંગત આત્માને નિજ કૈલાસમાં વાસ કરાવે એજ પ્રાર્થના ... ૐ શાંતિ.... ૐ શાંતિ.....
લી.
પંકજભાઈ ઈન્દ્રોડીયા | મનોજભાઈ કનૈયા | વિપુલભાઈ ત્રિવેદી
હિરેનભાઈ દવે | ભાર્ગવભાઈ ત્રિવેદી | વસંતભાઈ તૈરૈયા
જીતુદાદ જોષી | અનિરૂધ્ધ પાઠક | ચેતનભાઈ જોષી
સુનિલભાઈ પંડ્યા
સમસ્ત યુવા બ્રહ્મસમાજ - બાબરા
મુ.બાબરા, જિ. અમરેલી.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.8000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

ફિઝિશિયન વિભાગ
• હૃદયના એટેકની સારવાર.
• તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન), વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
• ક્રીટીકલ અને આઇ. સી. યુ. ના દર્દીની સારવાર
• બધા પ્રકારના વા ની સારવાર
• બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર.
• ડેન્ગ્યુ,મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર.
• ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર.
• પેટના રોગો, ઝાડા, ઉલટી,કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી, અનિંદ્રા, બેચેની, ચક્કર,શરીરની નબળાઈ (weakness), ખાલી ચડવી, નસના દુખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર.
• પેરાલીસીસ (લકવો) નું નિદાન અને સારવાર તથા ખેંચની સારવાર ઉપલબ્ધ.
• કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો,સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
ડૉ. મનીષ કુમાર
(MBBS., M.D. Medicine)
Consultant
Physician & Cardio- Diabetologist
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ (ગોળ દવાખાનુ)
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
ઉપલબ્ધ સુવિધા
અતિ આધુનિક સુવિધાયુક્ત આઈ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા | એક્સ-રે તથા ઇ.સી.જી. મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x 7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)